**સુવિચાર**

માનવી ભૂતકાળના સુખને યાદ ત્યારે કરે છે જયારે વર્તમાનમાં દુઃખ છે. તેમ છતાં માનવીએ ભવિષ્યના સુખ માટે આયોજન કરવું જોઈએ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૧૨/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૯૨


## ઉચ્ચકક્ષાએ આવેલ સર્વે ટીમ દ્વારા સ્થળ પરીક્ષણ કરવામાં આવ્યું

# અમરેલીનાં ઐતિહાસિક રાજમહેલનાં નવિનીકરણની શરૂઆત

**નાયબ દંડક કૌશિક વેકરિયાએ સંગાથે રહીને જરૂરી સુચનો પણ કર્યા**

**રાજમહેલનાં નવિનીકરણ માટે સરકાર તરફથી ૩૨ કરોડ જેવી રકમ મંજૂર થઈ છે**

**આગામી દોઢથી બે વર્ષમાં રાજમહેલ જિલ્લાનું પુનઃ ગૌરવવંતુ સ્થળ બની જશે**

**જિલ્લાની ઐતિહાસિક ધરોહરની કાયાપલટને લઈને કામગીરી શરૂ થતાં સૌ કોઈમાં ખૂશી**



અમરેલી, તા. ૪

અમરેલી ખાતે આવેલ રાજમહેલમાં એક વખત ગાયકવાડ સરકાર બિરાજતા હતાં અને બાદમાં આ જ ઐતિહાસિક રાજમહેલમાં અમરેલીના સમાહર્તાની ઓફિસ આવેલ. ન્યાયાલય સહિતની ઓફિસો બેસતી હતી અને બાદમાં બધી જ સરકારી ઓફિસો નવી બિલ્ડીગમાં ફરી જતાં આ અમરેલીના ઐતિહાસિક

અનુસંધાન પાના ૬ ઉપર


**અમરેલી એકસપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે**

અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે.

જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.

મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઇ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨





## દેશમાં નકલી અધિકારીઓ, નકલી કચેરીઓ, નકલી ખાદ્યસામગ્રી અને હવે નકલી પીએથી પરેશાની

# સા.કુંડલાનાં માનવ મંદિરનાં ટ્રસ્ટીને કેન્દ્રીય મંત્રી રૂપાલાનાં નકલી પીએએ ધમકી આપતા ફરિયાદ

**કેન્દ્રીય મંત્રીનાં કાર્યાલયનાં સાચા પી.એ.એ ખોટા પી.એ. વિરૂધ્ધ ફરિયાદ કરી**

અમરેલી, તા. ૪

જાણીતા સાહિત્યકાર અને સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે આવેલ માનવ મંદીર આશ્રમના ટ્રસ્ટી મનસુખભાઈ વસોયાને તેઓના મોબાઈલ ફોન નંબર ઉપર ગઈ તા. ૨૯/૧૧ ના રોજ સાંજે એક માણસે તેના મોબાઈલ નંબર ૯૫૧૨૭૮૦૯૧૬ ઉપરથી ફોન કરી મનસુખભાઈ વસોયા સાથે વાત કરેલ કે, તે કેન્દ્રિય મંત્રી પરશોતમભાઈ રૂપાલાનો પી.એ. બોલુ છું, અને મારે એક માનસીક રીતે અસ્થીર પુરૂષ માણસને તમારા માનવ મંદીર આશ્રમમાં રાખવો છે. જેથી ટ્રસ્ટીએ વાત કરેલ કે, અમો માત્ર માનસીક રીતે અસ્થીર મહીલાઓને જ



આશ્રમમાં રાખીએ છીએ તો આ શખ્સે કહેલ કે, અમો તમને કોથળા મોઢે ધર્માદો આપીએ છીએ તો પણ તમે લોકો અમારા કામ કરતા નથી, અને હુ રૂપાલા સાહેબનો પી.એ. છુ તેમ કહીને મનસુખભાઈ વસોયા સાથે કડક શબ્દોમાં બોલાચાલી કરેલ હતી. ત્યાર પછી પણ ફરી એક વખત આ શખ્સે તેના ઉપરોકત મોબાઈલ નંબર પરથી તેઓના ઉપરોકત મોબાઈલ ફોનમાં ફોન કરેલ અને વાત કરેલ કે, તમારી રૂપીયા ૧૧ લાખની ગ્રાન્ટ મંજુર થવાની બાપુએ મને ભલામણ કરેલ હતી અને તે સરકારમાંથી મંજુર પણ હું કરાવી આપત પણ હવે તમને આ ગ્રાન્ટ નહી મળે તેમ કહી મનસુખભાઈ વસોયા સાથે બોલાચાલી કરી ગર્ભિત ધમકી આપેલ હોય આ બનાવ અંગે મનસુખભાઈ વસોયાએ પરશોતમભાઈ રૂપાલાના

અનુસંધાન પાના ૬ ઉપર


Since 1986
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી. (જંગરવાળા)

બહુ સારો સ્વભાવ પણ સારો નહિ કેમ કે પછી એ નથી સમજાતુ કે તમારી કદર થઇ રહી છે કે ઉપયોગ...?

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166



**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

**મેડીકલ ઓફીસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

**નર્સીંગ સ્ટાફ**
G.N.M./A.N.M./G.D.M./B.Sc.Nursing
પગાર ધોરણ : ૯,૦૦૦/- થી ૧૧,૦૦૦/-
લેડીઝ પર્સન : રાત્રિ માટે (Night shift)

**મેડીકલ સ્ટોર**
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



Jaya Art & Culture

ગર્લ્સ સ્કૂલના મેદાનમાં ,નાગનાથ મંદિર પાસે , અમરેલી
ધૂમ ગીર્દી વચ્ચે શરૂ છે...

સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઇન્ડિયા

દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
: દર રવિવારે બે શો :
સાંજે ૬ અને રાત્રે ૯:૩૦ કલાકે

ટીકીટના દર : વી.આઇ.પી. રૂા. ૧૫૦
ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦ - સેકન્ડ કલાસ - રૂા. ૭૦

: સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય :
સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી

ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...

જાદુગર તેજા
જાદુગર વૈતાલ

ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજિક સંસ્થાના શો માટે સંપર્ક કરો.
મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧

બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઇવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે.

## ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા

# લીલીયામોટા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ઉષ્માભેર સ્વાગત

**લીલીયા મોટાને આગામી દિવસોમાં નવા બસ સ્ટેન્ડની સુવિધાની ખાત્રી ધારાસભ્યએ આપતાં હર્ષોલ્લાસ**

**ગામનો પ્રાણસમો પ્રશ્ન ભૂગર્ભ ગટરને લઈને પણ ત્વરિત નિરાકરણ કરાશે**

**કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાનાં માનવી સુધી પહોંચાડવાનો સંકલ્પ**

**ખેડૂતો, શ્રમિકો, યુવાનો, મહિલાઓ સહિત તમામને મદદરૂપ થઈને સુખી, સંપન્ન કરવા માટે ભગીરથ પ્રયાસ**










લીલીયા, તા. ૪

લીલીયા મોટા ખાતે વિકસિત ભારત યાત્રા આવી પહોંચેલ જેને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને વહીવટી તંત્ર દ્વારા રથને સરદાર ચોક ખાતે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ. યાત્રા અંતર્ગત જાહેર મંચ પરથી ધારાસભ્યએ કરી અગત્યની જાહેરાત. જેમાં લીલીયાને આવનાર દિવસોમાં આધુનિક બસ સ્ટેન્ડ તેમજ એક દાયકાથી પીડાતી લીલીયાની જનતાને કાયમી ગટર પ્રશ્ને છુટકારો આપવા, લોકોની સુખાકારીની સતત ચિંતા કરી મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવાના ફળ સ્વરૂપે આવનારા દિવસોમાં ડીટીપી થઈ ગયેલ હોય જે કામનું ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં ચાલુ કરી દેવામાં આવશે. સાથે ધારાસભ્ય દ્વારા રંઘોળ ા હાઈવે જે બની રહ્યો છે જે કામ ખુબ સુંદર થતું હોય ત્યારે ધારાસભ્ય તરફથી આરએનબી વિભાગ અને કોન્ટ્રાકટને જાહેર મંચ પરથી અભિનંદન પાઠવવામાં આવેલ. આ યાત્રા લીલીયા મોટા તેમજ ગામડાઓમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' રથનું આગમન થયેલ હોય. જેમાં લીલીયા મોટા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચેલ. જે દરમિયાન સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ– જલ જીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના, જીવન જયોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટિલાઈઝર યોજના, સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જન કલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યાત્રા સમગ્ર તાલુકાના ગામડાઓમાં પરિભ્રમણ કરશે. આ તકે વિસ્તારના ધારાસભ્ય, ડેપ્યુટી ડીડીઓ દિપાબેન કોટક, મામલતદાર મારડિયા, ટીડીઓ તુષાર રાદડીયા, પીએસઆઈ એસ.આર.ગોહિલ, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ભરતભાઈ હેલૈયા, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, સીડીપીઓ મીનાક્ષીબેન રાઠોડ, આઈસીડીએસ વિભાગ, આરોગ્ય વિભાગ, ખેતીવાડી વિસ્તરણ અધિકારી માળવીયા, આંગણવાડીના બહેનો સહિત તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, જીગ્નેશ સાવજ, તાલુકા પંચાયત સદસ્યો, લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે.

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## અમરેલીનાં રીકડીયા ગામની સીમમાં વાડીનાં મકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

**વધુ તપાસ તાલુકા પોલીસ દ્વારા શરૂ કરાઈ**



અમરેલી, તા. ૪

ગત તા.૯/૯/૨૩ નાં રોજ અમરેલી તાલુકાના રીકડિયા ગામે રહેતા વિજયભાઈ ભરતભાઈ ખાત્રાની રીકડીયા ગામની સીમમાં આવેલ વાડી તેમજ આ વાડીની બાજુમાં આવેલ સંજયભાઈ દકુભાઈ ભીમાણી તથા ચતુરભાઈ મુળજીભાઈ માંડલીયાની વાડીના મકાનમાં અજાણ્યા ચોર ઈસમો પ્રવેશ કરી, વાડીના મકાનમાં રહી ખેતીકામ કરતા માણસોના એન્ડ્રોઇડ મોબાઈલ ફોન નંગ–૩ કિંમત રૂપિયા ૧૫,૦૦૦ તથા રોકડા રૂપિયા ૧,૫૦૦ તથા ચાંદીનો કયડો કિમત રૂપિયા ૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૮,૫૦૦ ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય, જે અંગે વિજયભાઈએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો રજી. થયેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાનાં આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ ગત તા. ૨/૧૨/૨૩ નાં રોજ અમરેલી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી તાલુકાના શેડુભાર ગામના પાટીયા પાસેથી તેરસિંગ જવારસિંહ બામનીયા, રહે. (મુળ મધ્યપ્રદેશ) હાલ રહે. અમરેલીના ટીંબા ગામની સીમમાં રહેતા ઈસમને પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછપરછ કરતા તેમણે ઉપરોકત ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપી તથા તેમની પાસેથી મળી આવેલ રોકડા રૂપિયા ૫૦૦ તથા એક ઓપો કંપનીનો એ૧૭ મોડલનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૩ કિમત રૂપિયા ૫,૦૦૦ મળી કુલ કિ.રૂા. ૧૫,૫૦૦ નો મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી કરવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ગત ૨૪ ઓકટોબરનાં રોજ ઘટના બની હતી

## અમરેલીનાં માલવણ ગામની સીમમાં વાડીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ પોલીસે ખોલ્યો

**મોટા આંકડીયા ખાતેથી આરોપીની અટકાયત**



અમરેલી, તા. ૪

ગત તા.૨૪/૧૦/૨૩ ના રોજ અમરેલી તાલુકાના માલવણ ગામે રહેતા પ્રકાશભાઈ રમેશભાઈ સાવલીયાની માલવણ ગામની સીમમાં આવેલ વાડી તેમજ આ વાડીની બાજુમાં આવેલ રતિલાલ તથા વિનુભાઈ તથા મધુભાઈની વાડીના મકાનમાં અજાણ્યા ચોર ઈસમો પ્રવેશ કરી, વાડીના મકાનમાં રહી ખેતીકામ કરતા માણસોના એન્ડ્રોઇડ મોબાઈલ ફોન નંગ ૪ કિમત રૂપિયા ૨૦,૦૦૦ તથા રોકડા રૂપિયા ૧,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૧,૦૦૦ ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય, જે અંગે પ્રકાશભાઈએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ગત તા. ૨/૧૨ નાં રોજ અમરેલી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામેથી મહેશ ઉર્ફે ભનો કેશરસિંગ વસુનીયા, (મુળ મપ્રયપ્રદેશ) હાલ અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામની સીમમાં રહેતા ઈસમને પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછપરછ કરતા તેને ઉપરોકત ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપી તથા મળી આવેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## અમરેલીનાં બાયપાસ ઉપરથી પશુઓની ગેરકાયદેસર હેરફેર કરનાર ૩ ઈસમો ઝડપાયા

**ઈરફાન કુરેશી, નુરમહંમદભાઈ તરકવાડીયા અને પ્રકાશ ઝાપડીયાની અટકાયત**




અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં પશુઓ ઉપર ક્રુરતા આચરી, આવા પશુઓની ગેરકાયદેસર કતલ કરવાના ઈરાદે હેરફેર કરતા ઈસમોને પકડી પાડવા અને તેમના ઉપર પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન બાતમી રાહે હકિકત મળેલ કે, અમરેલી, સાવરકુંડલા બાયપાસ રોડ, લીલાનગર, પાણીના ટાંકા પાસેથી કતલ કરવાના ઈરાદે પશુઓ એક ટ્રકમાં ભરી ભરૂચ તરફ જવા નિકળેલ છે અને લાઠી તરફ જાય છે. જે બાતમી હકિકત આધારે લાઠી રોડ ઉપર વોચમાં ગોઠવી વાહન ચેકિંગ હાથ ધરી ત્યાંથી પસાર થતાં એક ટ્રકમાં અમરેલી રહેતા આરોપી ઈરફાન ઈકબાલભાઈ કુરેશી, અબ્દુલ નુરમહંમદભાઈ તરકવાડીયા તથા પ્રકાશ કિશોરભાઈ ઝાપડીયા નામના ત્રણ ઈસમો કુરતાપુર્વક ભરી, કોઈ પણ આધાર પુરાવા વગર કતલ કરવાના ઈરાદે હેરફેર કરતા ભેંસ જીવ–૯ કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦ તથા ટ્રક નં. જી.જે. ૧ ઈ.ટી. ૬૧૨૨ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૬૫૮૦,૦૦૦ સાથે હેરફેર કરતા રંગે હાથ પકડી પાડેલ અને ઝડપાયેલા ઈસમો વિરૂધ્ધ પશુ સંરક્ષણ ધારા હેઠળ કાયદેસર કાર્યવાહી કરી અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### હાલનાં રાજપુરૂષોએ પ્રેરણા લેવા જેવાં

## રાજા દરબાર ગોપાલદાસ દેસાઈની આજે ૭૨મી પુણ્યતિથિ

**આજે પણ તેનાં કાર્યોનું સુવાસ પ્રસરી રહી છે**



અમરેલી, તા. ૪

આઝાદીની લડતમાં ઐતિહાસિક પ્રદાન કરનાર ખેડા જીલ્લાના વસોના જાગીરદાર, અમરેલી જિલ્લાના ઢસા (હાલનું ગોપાલગ્રામ) તેમજ સૂરેન્દ્રનગરના રાય–સાંકળીના પ્રજાવત્સલ રાજવી દરબાર ગોપાળ દાસ દેસાઈનો આજે નિર્વાણ દિવસ છે. જન કલ્યાણમાં પોતાનાં રજવડા સહિત સર્વસ્વ રાષ્ટ્રને સમર્પિત કરનારા રૈયતના રખેવાળ, રંકને રાજી કરનાર, પાખંડી–પરંપરાને તોડનાર આજીવન જનતા માટે જીવનારા, સત્યાગ્રહી સ્વાતંત્ર્ય સેનાની ગોપાળ દાસબાપુને પ્રજા આજે પણ ગર્વથી યાદ કરે છે.

### શીતલ આઈસ્ક્રીમનાં સહયોગથી

## લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા જરૂરિયાતમંદોને પૌષ્ટિક નાસ્તાનું વિતરણ

**લા. પ્રમુખ કૌશિક હપાણી સહિતનાં સદસ્યો જોડાયા**



અમરેલી, તા. ૪

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનાં માધ્યમથી શીતલ આઈસ્ક્રીમનાં સહયોગથી શહેરનાં જુદા જુદા વિસ્તારમાં જરૂરીયાતમંદ તથા ઝુંપડપટ્ટી વિસ્તારમાં બાળકોને પૌષ્ટીક નાસ્તોની આશરે ત્રણસોથી વધારે પેકેટનું વિતરણ કરવામાં આવેલ. આ એક પ્રસંશનીય અને પ્રેરણાદાયીકાર્ય થયેલ. આ સેવાકીય કાર્યમાં લા. પ્રમુખ કૌશિકભાઈ હપાણી, લા. દિનેશભાઈ ભુવા, લા. રાજુભાઈ પરીખ, લા. ખજાનચી રજનીકાંતભાઈ ધોરાજીયા તથા અન્ય સદસ્યો દ્વારા નાસ્તાનાં પેકેટ આપવામાં અને કાર્યક્રમ સફળ બનાવેલ.

## બાબરા, ભાવનગર, ટંકારા, કાલાવડ, જામકંડોરણા સહિતનાં વિસ્તારમાં કરી ચોરી

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી બકરા ચોરી કરતી ગેંગ ઝડપાઈ

**ક્રેટા અને આઈ ટવેન્ટી કારનો ઉપયોગ કરીને બકરા જોયા નથી ને કારમાં ભરી રવાના થયા નથી**

**સાવ નિર્દોષ પશુઓની ચોરી કરવાનાં ધંધામાં ફાવટ મેળવનાર ૩ શખ્સો ઝડપાયા**

**બકરાની ચોરી કરવા માટે પહેલા રેકી કરવામાં આવે અને બાદમાં કામ પાર પાડવામાં આવે**

**પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે અમરેલી ક્રાઈમ બ્રાન્ચે અનેક ચોરીનાં ગુન્હાનો ભેદ ખોલી નાખ્યો**

અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ રીકવર કરી, મુળ માલિકને પરત મળી રહે તે મુજબની અસરકારક કામગીરીકરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા પશુધનની તસ્કરી અંગે ચોક્કસ માહિતી મેળવી બકરાઓની ચોરી કરનાર ગેંગના સભ્યો પરશોતભાઈ ઉર્ફ પસાભાઈ પુંજાભાઈ તળપદા, રહે. નડીયાદ (જિ.ખેડા), નિઝામુદ્દીન મૈયુદ્દીન શેખ, રહે. માતર, (જિ. ખેડા) તથા રાજ ઉર્ફ રાજલો પુનમભાઈ તળપદા, રહે. નડીયાદ, (જિ.ખેડા) ને બાબરા ગામે આવેલા શાહ પેટ્રોલ પંપ પાસે, રાજકોટ–ભાવનગર હાઈવે રોડ ઉપરથી ઝડપી લઈ, બકરા તથા ચોરીમાં ઉપયોગ કરેલ ક્રેટા કાર, રોકડ રકમ, મોબાઈલ ફોન સહિતનો મળી કુલ રૂપિયા ૧૦,૩૮,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી, જામનગર સહિતના જિલ્લાઓમાં થયેલ ૧૧ પશુધન ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવેલ છે.



ઝડપાયેલ ત્રણેય ઈસમોની પુછપરછ કરતાં આ આરોપીઓ પોતે તેમજ પોતાના સાગરીત સંજય બાબુભાઈ તળપદા તથા કિશોર મનુભાઈ તળપદા તથા વિપુલ વીરસીંગ ભુરીયા ત્રણેય રહે. નડીયાદ સાથે મળી ગત તા. ૨૪/૧૧/૨૩નાં રોજ બાબરાના નિલવડા રોડ ઉપર આવેલ મેલડી માતાજીના મંદિરની બાજુમાં આવેલ ઓરડીમાંથી બકરા જીવ નંગ–૮ની ચોરી કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા. આ ઉપરાંત ગત તા. ૨૭/૧૧/૨૩ નાં રોજ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના મદારગઢ ગામે દેવીપુજકના દંગામાંથી બકરા જીવ નંગ–૨૫ ની ચોરી કરતા, તે વખતે માણસો જાગી જતા આ બકરા ક્રેટા કારમાં ભરી જતા રહેલ હતા.

ગત તા. ૭/૧૧/૨૩ ના રોજ મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના અમરાપરા ગામેથી ઘેટા તથા બકરા જીવ નંગ–૮ ની ચોરી કરેલ કરી, આ ઘેટા બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા તથા ગત તા. ૨/૧૧/૨૩નાં રોજ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પીઠડીયા ગામેથી બકરા જીવ નંગ ૮ ની ચોરી કરેલ કરી. આ બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા. આજથી આશરે બારેક દિવસ પહેલા જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આણંદપર ગામે લોધીકા રોડ ઉપર આવેલ દેવીપુજક દંગામાંથી બકરા જીવ નંગ–૪ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા.

આજથી આશરે વીસેક દિવસ પહેલા ભાવનગર મુકામે નારી ચોકડીથી આખલોલ જકાતનાકાથી બકરા જીવ નંગ–૩૬ની ચોરી કરેલ કરી, આ બકરા કારમાં ભરી લઈ ગયેલ હતા. આ ઉપરાંત આજથી આશરે દોઢેક માસ પહેલા બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાના ભાડલા ગામેથી બકરા જીવ નંગ–૩ ની ચોરી કરેલ કરી. આ બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા તથા આજથી આશરે બે માસ પહેલા મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના અમરાપરા ગામેથી બકરા જીવ નંગ–૩ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા. આજથી આશરે ત્રણેક માસ પહેલા રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના સાતોદર ગામેથી રખડતા બકરા જીવ નંગ–૨ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા.

આજથી આશરે ચારેક માસ પહેલા મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના અમરાપરા ગામેથી બકરા જીવ નંગ–૫ ની ચોરી કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઈ ગયેલ હતા. બાબરા તાલુકામાં નિલવડા રોડ ઉપર આવેલ મેલડી માતાજીના મંદિરમાં ગઈ તા. ૨૪/૧૧/૨૩ નાં રોજ કરેલ ચોરી પહેલા અગાઉ બે વખત આ જ જગ્યાએથી બકરાઓની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

ઝડપાયેલ આરોપીઓ તથા તેમના સાગરીતો સાથે અગાઉ રેકી કરી, જે જગ્યાએ બકરા રાખવામાં આવતા હોય તે જગ્યાઓ જોઈ આવતાં હતા અને બાદમાં રાત્રે પોતાના હવાલાની ક્રેટા કાર તેમજ આઈ ટવેન્ટી કારમાં આવી, બકરાઓની ચોરીઓ કરી, ક્રેટા કાર તથા આઈ ટવેન્ટી કારમાં ભરી લઈ જતા હતા અને બાદમાં આ બકરાઓ યાસીનભાઈ ગુલાબભાઈ શેખ (રહે.આણંદ) વાળાને વહેંચી નાખતા હતા.

### ગીરસોમનાથ એસ.પી.ની સુચનાથી કાર્યવાહી

# ઉનામાં ઘોડીપાસાનો જુગાર રમતાં અર્ધો ડઝન ઈસમોને ઝડપી લેવાયા

**ક્રાઈમ બ્રાન્ચે રૂપિયા ૧૬૪૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**

ઉના, તા. ૪

ગીરસોમનાથ એલ.સી.બી.નાં પો.ઈન્સ.નાં માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન મળેલ સંયુકત બાતમી મુજબ ઉના ટાઉન વિસ્તાર માંથી જુગારના સાહિત્ય તથા રોકડ સાથે અલ્તાફભાઈ અબ્દુલ રહેમાનભાઈ સિપાઈ અયુબભાઈ આમદભાઈ કુરેશી રહે. ઉના અહેમદહુસેન વાયેદ અલીભાઈ નકવી રહે.કોડીનાર, રીયાજભાઈ ફારૂકભાઈ ચૌહાણ વિસ્તાર, અબ્બાસ અવેશભાઈ ઉર્ફે પરીયો અબ્દુલ અજીજભાઈ જાફાઈ ઉ.વ.૩૨



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ધંધો ડ્રાઈવીંગરહે.ઉના, રજાકભાઈ મોગલભાઈ સંઘી ઉ.વ.૨૬ રહે. ઉના રૂ.૧૬,૪૬૦/– સાથે ઘોડી પાસા નંગ–૨ સાથે એલ.સી.બી. પો.ઈન્સ. એસ.એમ.ઈશરાણી, પો.સબ.ઈન્સ., વી.કે.ઝાલા, પો.હેડ કોન્સ, પ્રવિણભાઈ મોરી, પ્રફુલભાઈ વાઢેર, રાજુભાઈ ગઢીયા, તથા પેરોલ ફર્લોના પો.હેડ કોન્સ. જયરાજસિંહ સહિતનાઓએ જુગારનો ગણનાપત્ર કેસ શોધી આ જુગારીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવતા જુગારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

# કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ પાકનાં રક્ષણ માટે સાવચેતીના પગલા ભરવા બાગાયત ખાતાનો અનુરોધ

અમરેલી તા. ૪

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને આગામી સમયમાં રાજયના કેટલાક જિલ્લાઓમાં પવન સાથે છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ હોય અને વરસાદ થવાની સંભાવનાઓને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણમાટે સાવચેતીના પગલા ભરવા અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેડૂતોએ ખેતરમાં તૈયાર થયેલા ફળ અને શાકભાજી સહિતના બાગાયતી પાકો ઉતારી લેવા તેમજ તૈયાર ખેત પેદાશો સલામત સ્થળે ખસેડી લેવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવુ. ખેડૂતોએ આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળવો જોઈએ. વાદળછાયું વાતાવરણ અથવા વરસાદ પછી તાત્કાલિક ભૂકી છારા જેવા રોગ લાગવાની શક્યતાઓ રહેલી છે. જેના નિયંત્રણ માટે બગીચામાં અવલોકન કરતાં રહેવું અને જરૂર જણાય તો કોર્બેન્ડેજીમ અને મેન્કોજેબ અથવા હેક્ઝાકોનાજોલ ૫ ટકા અથવા થાયોફિનાઈટ મિથાઈલ અથવા ટેબ્યું સલ્ફર ૧,૦૦૦ લીટર પાણીમાં ૧ કીલો પ્રતિ લીટર છંટકાવ કરવો તેમજ ચૂસિયા જીવાતો કે મગીયા ઈયળ ોનો ઉપદ્રવ જણાય તો પ્રોફેનો સાયપર ૪૦ વત્તા ૪ ઈ.સી. ૧ લીટર પ્રતિ ૧,૦૦૦ લીટર પાણી મુજબ છંટકાવ કરવાની ભલામણ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકશ્રીએ એક યાદીમાં કરતા જણાવ્યું છે.

### ગામનાં સરપંચે મુખ્યમંત્રીને રજુઆત કરી

# કુંકાવાવનાં વાવડી રોડ ગામે અમૃત સરોવર અને નવું આરોગ્ય સેન્ટર બનાવવા માંગ

**ગામજનોનાં હિતમાં નિર્ણય કરવા માંગ**

અમરેલી, તા. ૪

કુંકાવાવના વાવડીરોડ ગામનાં સરપંચ નરેન્દ્ર ઠુંમરે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, વાવડી રોડ ગામે હેલ્થ એન્ડ અર્બન વેલનેસ સેન્ટર જર્જરીત હાલતમાં હોઈ નવું સબ સેન્ટર બનાવવા તેમજ અમૃત સરોવર બનાવવા બાબતે મુખ્યમંત્રીને આવેદનપત્ર રજુઆત કરવામાં આવી.

કુંકાવાવ તાલુકાનાં પી.એસ.સી. દેવગામની નીચે મોજે વાવડી રોડ ગામે હેલ્થ એન્ડ અર્બન વેલનેસ સેન્ટર આવેલ છે. જે વાવડી રોડ, નવા બાદલપુર, જુના બાદલપુર તેમજ ભાયાવદર એમ કુલ ચાર ગામનાં આશરે પંદર હજાર જેટલા ગ્રામજનો તેમજ પરપ્રાંતિ શ્રમિકોને આ સેન્ટર હેઠળ આરોગ્ય સેવાઓનાં લાભ મળે છે. પરંતુ આ હેલ્થ સેન્ટર ગામથી બારોબાર અવાવરૂ જગ્યાએ આવેલ છે. તેમજ ખુબજ જર્જરિત હાલતમાં છે. જેમાં સીએચઓ (કોમ્યુનિટી હેલ્થ ઓફિસર) એફ.એચ.ડબલ્યું, એમપીએચડબલ્યુ તેમજ અન્ય સ્ટાફને બેસવા માટે કે કામગીરી કરવા માટે પણ મુશ્કેલી પડે છે. સદર સબ સેન્ટરનું બિલ્ડીંગ જર્જરિત છે. જેમ વધારે રીપેર થઈ શકે તેમ નથી તેવું પ્રમાણપત્ર અ.મ.ઈ.તાલુકા પંચાયત કચેરી, બાંધકામ શાખા, કુંકાવાવ દ્વારા આપવામાં આવેલ છે.(નકલ સામેલ છે) આ ઉપરાંત નાયબ કાર્યપાલક ઈજનેર પી.આઈ.યુ. ઝોન અમરેલી દ્વારા પણ સદર સબ સેન્ટરનું મકાન ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોઈ સદર મકાન તોડી પાડવા માટે સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવેલ છે. આથી હાલમાં જે સબ સેન્ટરનું જર્જરિત બિલ્ડીંગ છે તેને રદ કરી ગ્રામ પંચાયત દ્વારા ફાળવવામાં આવેલ નવી જગ્યાએ હેલ્થ એન્ડ અર્બન વેલનેસ સેન્ટર બનાવવામાં આવે નવા સબ સેન્ટર બનાવવા માટે ગામતળની જગ્યા ગ્રામ પંચાયત દ્વારા ફાળવેલ છે.


સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ – ટીંબી

હૃદયરોગના નિષ્ણાંત (કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કૃષ્ણકાંત શર્મા સાહેબ
(બજરંગદાસ હોસ્પિટલ – ભાવનગર)
દર મહિનાના બીજા બુધવારે આપણી હોસ્પિટલમાં સવારે ૯ થી ૧ દર્દીઓની તપાસ કરશે.

અમેરિકાના માનસિક રોગોના નિષ્ણાંત
ડો. ભુપેન્દ્ર રાજપુરા સાહેબ (Psychieatrist)
તા. ૦૨/૧૨/૨૦૨૩ થી તા. ૧૬/૧૨/૨૦૨૩ સુધી રોજ દર્દીઓની તપાસ કરશે.
મંગળવારના રોજ રાબેતા મુજબ રજા રહેશે.

અમેરિકાથી ડાયાબિટીસ, થાયરોઈડ વગેરે ગ્રંથિઓનાં નિષ્ણાંત
ડો. રેશ્મા પટેલ (એન્ડોકોનોલોજીસ્ટ)
તા. ૧૬/૧૨/૨૦૨૩ ના સવાર થી તા. ૧૮/૧૨/૨૦૨૩ ના બપોર સુધી દર્દીઓની તપાસ કરશે.

વધુ માહિતી માટે સંપર્ક કરો
૮૧૫૬૦૯૯૯૫૩, ૮૭૫૮૨૩૪૭૪૪, ૦૨૮૪૩-૨૪૨૦૪૪/૪૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### ભાજપે ત્રણ રાજ્યો પર સત્તા કબજે કરી

# ભાજપ સીએમ તરીકે જૂના જોગીઓ પર વિશ્વાસ મૂકશે કે નવા ચહેરા લાવશે

## ભારતીય જનતા પક્ષના ટ્રેક રેકોર્ડને જોતા એવું લાગે છે કે ભાજપ નવી નેતાગીરી તૈયાર કરી શકે છે

નવી દિલ્હી, તા.૪

ભારતીય જનતા પાર્ટીએ ૪ માંથી ૩ રાજ્યોમાં જંગી જીત મેળવી છે. આ જીતે ૨૦૨૪ની લોકસભાની ફાઈનલ પહેલા ભાજપને ટોનિક આપ્યું છે. આ વખતે ભાજપે આ ત્રણેય રાજ્યોના મુખ્યમંત્રી ચહેરાનું નામ સુધ્ધાં નથી આપ્યું. પરિણામો બાદ સવાલ એ છે કે કોણ બનશે સીએમ? જુઓ આખા સમીકરણ પણ વિગતે નોંધ.

મોદી લહેર પર સવાર થઈને ભાજપે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં મોટી જીત નોંધાવી છે. તેવામાં મધ્યપ્રદેશમાં ભાજપ ફરી સત્તામાં આવી છે. આની સાથે જ રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસને સત્તા પરથી હટાવી ભાજપે જોરદાર જીત નોંધાવી દીધી છે. તે જ સમયે, કોંગ્રેસે તેલંગાણામાં બીઆરએસને ગાદી પરથી હટાવી દીધી છે. પરિણામો બાદ હવે ભાજપમાં નવી દોડધામ શરૂ થઈ ગઈ છે. એ છે મુખ્યમંત્રી પદ સુધી પહોંચવાની રેસ. આ ત્રણેય રાજ્યોમાં ભાજપ પાસે જૂના અને અનુભવી ચહેરાઓ છે, પરંતુ સવાલ એ છે કે શું ભાજપ જૂના પર વિશ્વાસ કરશે કે નવા ચહેરાને લાવશે. જોકે, ભાજપે જે રીતે બમ્પર જીત નોંધાવી છે અને ભાજપના ટ્રેક રેકોર્ડને જોતા એવું લાગે છે કે ભાજપ નવી નેતાગીરી તૈયાર કરી શકે છે. ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ હંમેશા નવા અને યુવાનોને જવાબદારી આપવાની વાત કરે છે. જોકે આની સાથે જ સવાલ એ પણ છે કે તેલંગાણામાં કોંગ્રેસનો ચહેરો કોણ હશે?

રાજસ્થાનમાં ભાજપે પરંપરા જાળવી રાખીને જીત નોંધાવી છે. અહીં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે ૨૦૦૩થી ભાજપનો ચહેરો છે, પરંતુ ભાજપે આ ચૂંટણીમાં કોઈને પોતાનો ચહેરો બનાવ્યો નથી. શું વસુંધરાને સીએમ બનાવવામાં આવશે? જોકે, છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્રીય નેતૃત્વ સાથે તેમની ખેંચતાણ જોતાં આ શક્યતા ચોક્કસપણે ઓછી જણાય છે. ભાજપે સેફ સીટ પરથી સાંસદ દિયા કુમારીને પણ મેદાનમાં ઉતાર્યા હતા. શું આ ભાજપના વસુંધરાના સ્થાને દિયાકુમારીને સત્તા પર લાવવાની તૈયારી છે. ચૂંટણી દરમિયાન પણ આ અંગે ઘણી ચર્ચા થઈ હતી. દિયા કુમારીને મુખ્યમંત્રી પદની પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે. અલવરના સાંસદ બાલકનાથનું નામ પણ આની સાથે ચાલી રહ્યું છે, ભાજપે તેમને પણ તિજારા સીટ પરથી ચૂંટણી લડાવી છે.

ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ એ જ સંપ્રદાયમાંથી આવે જેમાંથી બાલકનાથ છે. બાલકનાથ રોહતકના બાબા મસ્તનાથ મઠના મહંત છે અને તેમને રાજસ્થાનના યોગી પણ કહેવામાં આવે છે. ખેર, અહીં મુખ્યમંત્રી પદના દાવેદારોની કમી નથી. પ્રદેશ અધ્યક્ષ સીપી જોશીથી લઈને કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, અર્જુન મેઘવાલથી લઈને કિરોની લાલ મીણા સુધીના નામ ચર્ચામાં છે. જોકે, ભાજપમાં મજાકમાં એવું પણ કહેવાય છે કે જેનું નામ લોકપ્રિય છે, તેનું નામ કપાઈ ગયું છે.

શિવરાજ સિંહે કઠિન પીચમાં પ્રવેશ કર્યો અને મધ્યપ્રદેશમાં ભાજપે જંગી જીત નોંધાવી છે. જોકે, ભાજપે વડાપ્રધાન મોદીના નામે ચૂંટણી લડી હતી. આવી સ્થિતિમાં મોટો સવાલ એ છે કે જ્યારે શિવરાજના નામ પર ચૂંટણી લડાઈ ન હતી ત્યારે શું ભાજપ તેમને મુખ્યમંત્રી બનાવશે? જો ભાજપ આસામના મોડલને અનુસરે છે તો તે મમતા માટે ફટકો બની શકે છે. જો ભાજપ બહુમતીના આંકડાની નજીક હોત તો શિવરાજના સીએમ બનવાની વધુ તકો હતી, પરંતુ આ જંગી બહુમતી સાથે ભાજપ પાસે પ્રયોગ કરવાની પૂરેપૂરી તક છે.

એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે શું ભાજપ લોકસભા ચૂંટણી પહેલા પ્રયોગ કરશે? કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના નામ પર પણ મુખ્યમંત્રી બનવા માટે વિચારણા કરવામાં આવી રહી છે. જોકે, તેમના જૂના કોંગ્રેસી હોવાને કારણે પક્ષમાં જૂથવાદ વધી શકે છે અને ભાજપ લોકસભાની ચૂંટણી પહેલાં કોઈ વિક્ષેપ ઈચ્છતું નથી. આ રેસમાં કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર સિંહ તોમરનો દાવો પણ મજબૂત માનવામાં આવે છે. કૈલાશ વિજયવર્ગીયથી લઈને પ્રદેશ અધ્યક્ષ વીડી શર્માનું નામ પણ ચર્ચામાં છે. પ્રહલાદ પટેલથી લઈને આદિવાસી નેતા ફગ્ગન સિંહ કુલસ્તે સુધીના નામ પણ ઓબીસી નેતાઓ તરીકે લેવામાં આવી રહ્યા છે. જોકે, ભાજપે ઘણા પ્રસંગોએ બતાવ્યું છે કે તે એવા નામો આગળ લાવે છે જેની ક્યાંય ચર્ચા થતી નથી.

છત્તીસગઢમાં પણ ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે ચૂંટણી લડી હતી અને જીતનો શ્રેય પણ મોદી અને મોદીની ગેરેન્ટીને જાય છે. અહીં રમણ સિંહ ૨૦૦૩થી ૨૦૧૮ સુધી ભાજપના મુખ્યમંત્રી હતા અને આ વખતે પણ ચૂંટણી જીત્યા છે. જોકે ભાજપ તેમને ફરી તક આપશે કે કેમ તે અંગે શંકા છે.

મુખ્યમંત્રી પદ માટે પ્રદેશ અધ્યક્ષ અરુણ સાવના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. તેઓ ઓબીસી નેતા છે અને ઓબીસી સમુદાયના સાહુ સમુદાયમાંથી આવે છે. છત્તીસગઢમાં સાહુ સમુદાયની વસ્તી લગભગ ૧૨ ટકા છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી રેણુકા સિંહના નામની પણ ચર્ચા થઈ રહી છે. તેઓ આદિવાસી સમુદાયમાંથી આવે છે અને આ વખતે ભાજપે તેને વિધાનસભાની ચૂંટણી લડાવી હતી. આદિવાસી નેતા લતા ઉસેન્ડીનું નામ પણ રેસમાં હોવાનું કહેવાય છે.

### ચાર રાજ્યોના પરિમામ બાદ મિઝોરમનું પરિણામ જાહેર

# મિઝોરમમાં ઝેડપીએમની ૨૭ બેઠક સાથે ક્લીન સ્વિપ

## સત્તાધારી એમએનએફને માત્ર ૧૦ બેઠક મળી જ્યારે ભાજપને બે અને કોંગ્રેસને એક બેઠક મળી હતી

આઈઝોલ, તા.૪

મિઝોરમ વિધાનસભા ચૂંટણીમાં ઝેડપીએમે ક્લીન સ્વિપ કરતા ૪૦માંથી ૨૭ બેઠક મેળવી લીધી છે જ્યારે એમએનએફને ૧૦ કોંગ્રેસને ૧ અને ભાજપને એક બેઠક મળી છે.રાજ્યના મુખ્યપ્રધાન સહિત અનેક નેતા આ ચૂંટમીમાં હારી ગયા હતા. રાજ્યમાં આજે વહેલી સવારે ૮ વાગ્યાથી મત ગણતરી માટે રાજ્યભરના ૧૩ કેન્દ્રો પર મહિલાઓ સહિત ૪,૦૦૦ થી વધુ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવા અને મત ગણતરી સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને મિઝોરમ સશસ્ત્ર પોલીસની ટુકડીઓ તૈનાત હતી.

મતગણતરીના શરૂઆતના વલણથી જઝેડપીએમકલીન સ્વીપ તરફ આગળ વધી રહ્યું હતું. ઝેડપીએમને ૨૭ બેઠકો મળી છે. એમએનએફનેમાત્ર ૧૦ સીટો પર વિજય મળ્યો છે. કોંગ્રેસને એક બેઠકો મળીછે. ભાજપને બે બેઠક પ્રાપ્ત થી શકી છે. અન્ય કોઈ પક્ષને કોઈ લીડ મળી નથી.

જો આ જ વલણ ચાલુ રહેશે તો ઝેડપીએમમિઝોરમમાં ક્લીન સ્વીપ કરી શકે છે.

મિઝોરમના મુખ્ય પ્રધાન અને એમએનએફના નેતા જોરામથાંગા લાલથાનસાંગાથીનો પરાજય થયો છે. ઝેડપીએમના મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર લાલદુહોમા સેરછિપથી વિજયી બન્યા છે.

દરમિયાન તુઈચાંગ બેઠક પરથી ઝેડપીએમના ઉમેદવાર ૮૭૧ મતોથી જીત્યા છે.

### ત્રણ રાજ્યોમાં ભાજપના વિજયની મહારાષ્ટ્ર પર અસર થશે

# મહારાષ્ટ્ર કોંગ્રેસમાંથી વિધાનસભ્યો ભાજપમાં જોડાય એવી શક્યતા

## ભારત જોડો યાત્રા પછી કોંગ્રેસના નેતાઓને પરિસ્થિતિ સાનુકુળ લાગી હતી પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે

મુંબઈ, તા.૪

ત્રણ રાજ્યો મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપની શાનદાર જીતની મહારાષ્ટ્રના રાજકારણ પર દૂરગામી અસર પડશે અને આ જ કારણે મહાવિકાસ અઘાડીમાં ત્રણેય પક્ષોમાં અસ્વસ્થતા વધી છે. મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં શિવસેના-એનસીપી અને કોંગ્રેસની ગઠબંધન સરકાર તૂટી ગઈ હતી.

શિવસેનાનું પણ વિભાજન થયું હતું અને મુખ્ય પ્રધાન શિંદે સહિત પક્ષના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા.એવી જ રીતે ગઠબંધન સરકારનો હિસ્સો રહેલા એ્નસીપીનું પણ વિભાજન થયું હતું અને પક્ષના કેટલાક નેતાઓએ ભાજપનું તરણું પકડી લીધું હતું. શિરપાવ તરીકે અજીતદાદા પવારને નાયબ મુખ્ય પ્રધાનપદ પણ આપવામાં આવ્યું,પરંતુ કોંગ્રેસ પક્ષમાં કોઈ વિભાજન થયું ન હતું. પણ હવે કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ સ્વીકાર્યું છે કે આગામી દિવસોમાં કોંગ્રેસમાંથી વિધાન સભ્યોનું મોટું જૂથ ભાજપમાં જાય તો નવાઈ નહીં.કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કોંગ્રેસ મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જીતશે અને રાજસ્થાનમાં સખત સંઘર્ષ કરી સરકાર બનાવીશું જ. કોંગ્રેસના મોટા ભાગના નેતાઓ, કાર્યકર્તાઓ અને તેમના સહાનુભૂતિ ધરાવતા લોકો રાહુલબાબાની વાત માનતા હતા.ભારત જોડો યાત્રા પછી કોંગ્રેસના નેતાઓને લાગ્યું હતું કે રાહુલ ગાંધી જમીની વાસ્તવિકતાને સારી રીતે સમજવા લાગ્યા છે, પણ હાલના ત્રણ રાજ્યના ચૂંટણી પરિણામોએ સાબિત કર્યું છે કે વાસ્તવમાં પરિસ્થિતિ તેનાથી વિપરીત છે. મધ્ય પ્રદેશમાં કોંગ્રેસના ધબડકાને જોઈને દરેકના મનમાં એ સવાલ છે કે કોંગ્રેસીઓના આ વધુ પડતા આત્મવિશ્વાસનું સાચું કારણ શું હતું. ત્રણ રાજ્યના પરિણામોએ એ પણ સાબિત કરી દીધું છે કે એનસીપીના અજીત પવાર અને શિવસેનાના એકનાથ શિંદેનો ભાજપને સાથ આપવાનો નિર્ણય કેટલો સાચો હતો. આ પરિણામોને કારણે રાજ્યમાં ઈન્ડિયા ગઠબંધન અને મહા વિકાસ આઘાડી બંનેમાં કોંગ્રેસની સોદાબાજી કરવાની શક્તિ ઘણી હદે ઘટી ગઈ છે.

છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસને લોકસભામાં માત્ર એક જ બેઠક મળી હોવા છતાંશિવસેનામાં ભાગલા પડ્યા બાદ કોંગ્રેસ નેતૃત્વ વિદર્ભ અને મરાઠવાડામાં લોકસભાની મહત્તમ બેઠકોની માગી રહ્યું હતું, પરંતુ મહાવિકાસ આઘાડીમાં હવે તેમની ઉડાઉ માંગણીઓ સ્વીકારાશે કે કેમ એની શંકા છે. એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીને ભાગે પણ લોકસભાની કેટલી બેઠકો આવશે તે અંગે હવે નવા સમીકરણો સામે આવશે. આ પરિણામે રાજ્યમાં ભાજપના સહયોગી પક્ષોને એવો સંકેત પણ આપી દીધો છે કે ભાજપ જે આપશે તેને સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ નથી.

### દેશમાં વધતી ઠંડી વચ્ચે રાજકીય ગરમાવો

# ત્રણ રાજ્યોમાં વિજય બાદ સંસદમાં મોદીનું તાળીઓથી સ્વાગત

## સંસદનું શિયાળુ સત્ર હંગામા વચ્ચે શરૂ થયું, વિપક્ષોના ભારે હંગામાથી લોકસભાની કાર્યવાહી સ્થગિત કરાઈ

નવી દિલ્હી, તા.૪

દેશમાં ધીમે ધીમે ઠંડી વધવા માંડી છે, પણ સાથે સાથે રાજકીય ગરમાવો પણ વધી ગયો છે. ચાર રાજ્યની વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવી ગયા છે જે ઘણા ઉત્સાહજનક છે. એવા સમયે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, 'આ એવા પરિણામો છે જે દેશનું ભવિષ્ય સુનિશ્ચિત કરશે. સારા જનાદેશ બાદ આપણે સંસદ મંદિરમાં મળી રહ્યા છીએ. હું તમામ સાંસદોને સકારાત્મક વિચારો સાથે સંસદમાં આવવા અપીલ કરું છું.

બાહ્ય હારનો ગુસ્સો સંસદમાં ન લાવવો. લોકશાહીના મંદિરને રાજકારણનું મંચ ન બનાવો. દેશને સકારાત્મકતાનો સંદેશ આપો.' આજે દેશની ૧૭મી લોકસભાનું છેલ્લું શિયાળુ સત્ર શરૂ થઈ ગયું છે. ૨૦૨૪માં આવનારી લોકસભાની ચૂંટણી પહેલા આ છેલ્લું શિયાળુ સત્ર છે. સંસદમાં ત્રણ રાજ્યમાં પોતાના દમ પર સત્તા મેળવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સાંસદોએ તાળીઓ પાડીને ભવ્ય સ્વાગત કર્યું હતું. જોકે, આજના સત્ર દરમિયાન લોકસભામાં ભારે હોબાળો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હતી અને થયું પણ એવું જ. સંસદનું શિયાળુ સત્ર હંગામા વચ્ચે શરૂ થયું હતું. વિપક્ષોના ભારે હંગામાને કારણે લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. આ સત્ર દરમિયાન સંસદની એથિક્સ કમિટીનો ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રા વિશે કેશ ફોર ક્વેરી કૌભાડ રિપોર્ટ રજૂ કરવામાં આવશે ત્યારે ભારે હંગામો થવાની પણ શક્યતા છે. આ રિપોર્ટમાં મહુઆ મોઈત્રાને હાંકી કાઢવાની ભલામણ કરવામાં આવી છે. સરકારે શિયાળુ સત્રની ૧૫ બેઠકો કાર્યસૂચિ રજૂ કરી છે, જેમાં વસાહતી યુગના ફોજદારી કાયદાઓને બદલવા માટેનું અને ચૂંટણી કમિશનરની નિમણૂક માટે માળખું પ્રદાન કરવા માટેનું બિલ સામેલ છે. સત્ર પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મીડિયાને સંબોધન કરશે, જ્યારે વિધાનસભા ચૂંટણીના પરિણામોથી નિરાશ થયેલી કોંગ્રેસ, સત્ર પહેલા 'ભારત' ગઠબંધનના નેતાઓ સાથે બેઠક પણ કરશે અને ગૃહમાં તેની વ્યૂહરચના અંગે ચર્ચા કરશે.

### યુપી અને ગુજરાતમાં ૧૦૦ સીટો જીતવાનો ટાર્ગેટ

# લોકસભા પહેલાં ૨૦૦ સીટો પર ભાજપને બઢત

## ત્રણ હિન્દી ભાષી રાજ્યોમાં ભાજપની જીતથી ત્રણ સ્પષ્ટ સંદેશ મળ્યા : હવે લોકસભા ચૂંટણીમાં પાર્ટીને લીડ મળવાનું નક્કી છે

નવી દિલ્હી, તા.૪

ત્રણ હિન્દીભાષી રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતના ત્રણ સ્પષ્ટ પરિણામો છે. હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીને બઢત મળવાનું નિશ્ચિત છે. કોંગ્રેસ સાથે INDIA ગઠબંધનની યોજના નિષ્ફળ થઈ શકે છે. ભાજપ માટે ખતરો હોવાનું કહેવાતી જાતિ ગણતરીનો 'દાંવ' પણ ફ્લોપ ગયો છે.

ભાજપે મધ્યપ્રદેશમાં મોટી જીત મેળવી છે અને રાજસ્થાન અને છત્તીસગઢ બંનેમાં આરામદાયક બહુમતી મેળવી છે. ભાજપે તેલંગાણામાં પણ આઠ બેઠકો જીતી, તેના એક ઉમેદવાર, વેંકટ રમણ રેડ્ડીએ, કામરેડ્ડીમાંથી નૈતિક વિજય મેળવ્યો, બંને આઉટગોઈંગ મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવ અને કોંગ્રેસના મુખ્યપ્રધાન રેવંત રેડ્ડીને હરાવીને. તેની અસર ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પર જોવા મળશે.

કારણ કે ભાજપ હિન્દીભાષી રાજ્યો ઉત્તર પ્રદેશ, ગુજરાત, હરિયાણા, દિલ્હી, ઝારખંડ અને ત્રણ રાજ્યો જ્યાં હવે તેણે રવિવારે જીત મેળવી છે ત્યાં જીતની આશા વધી છે. ભાજપના ઓછામાં ઓછા બે નેતાઓએ કહ્યું કે આનો અર્થ એ છે કે પાર્ટી હવે કોંગ્રેસના બેકફૂટ પર હોવાના કારણે પહેલાં કરતા વધુ સારી સ્થિતિમાં છે. ઉત્તર પ્રદેશ અને ગુજરાત, ૧૦૬ લોકસભા બેઠકો સાથે, બીજેપીના ગઢ છે, જ્યાં તે એકસાથે ઓછામાં ઓછી ૧૦૦ બેઠકો જીતવાનું લક્ષ્ય ધરાવે છે. પાર્ટી હવે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની ૬૫ લોકસભા સીટો પર ક્લીન સ્વીપ કરવાની પણ આશા રાખી રહી છે, જેમ કે ૨૦૧૯ માં જ્યારે તેણે આમાંથી ૬૨ સીટો જીતી હતી.

દિલ્હી, હરિયાણા, ઝારખંડ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભાજપની જીતની આશા છે. મહારાષ્ટ્ર, તેલંગાણા, કર્ણાટક અને ઓડિશા જેવા મોટા રાજ્યોમાં ભાજપ બહુમતીનો આંકડો પાર કરી શકે છે. રવિવારે પરિણામોનો બીજો મોટો અર્થ એ છે કે ભારતીય છાવણીમાં કોંગ્રેસની સ્થિતિ નબળી પડી છે. જો કોંગ્રેસ પાર્ટી મોટા ભાઈની ભૂમિકા ભજવવા માંગે છે, તો તે તેના સાથી પક્ષોને સ્વીકાર્ય નહીં હોય.ભાજપના નેતાઓ કહે છે કે ભારત ગઠબંધનના ભાગીદારો જેમ કે ટીએમસી, આરજેડી, જેડીયુ અથવા સમાજવાદી પાર્ટી પશ્ચિમ બંગાળ, બિહાર અથવા યુપીમાં કોંગ્રેસને વધુ બેઠકો આપવા તૈયાર થશે નહીં, જે ૨૦૨૪ માં કોંગ્રેસ દ્વારા લડવામાં આવેલી બેઠકોની સંખ્યામાં ભારે ઘટાડો કરશે. ભાજપના એક નેતાએ કહ્યું, "કમલનાથે મધ્ય પ્રદેશમાં એસપીનું અપમાન કર્યા પછી, INDIA જોડાણ ઉત્તર પ્રદેશ જેવા મહત્વપૂર્ણ રાજ્યમાં નોન-સ્ટાર્ટર છે. સીટની વહેંચણીમાં કોંગ્રેસની સોદાબાજીની શક્તિ ઘટી છે.

### પાંચમાંથી ત્રણ રાજ્યોમાં ભાજપના વિજયને વધાવતું શેરબજાર

# સેન્સેક્સનો ૧૩૮૩ અને નિફ્ટીનો ૪૧૮ પોઈન્ટનો કૂદકો જોવા મળ્યો

## રોકાણકારોની સંપત્તીમાં ૬ લાખ કરોડનો વધારો : બેંકિંગ તેમજ સરકારી કંપનીઓના શેરમાં જોરદાર ઉછાળો, સેન્સેક્સ - નિફ્ટી ઐતિહાસિક ઊંચાઈએ

મુંબઈ, તા.૪

પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ત્રણ રાજ્યમાં મળેલી શાનદાર જીતની અસર આજે શેરબજારમાં પણ જોવા મળી હતી. સેન્સેક્સમાં ૧૩૮૩ પોઈન્ટનો અને નિફ્ટીમાં ૪૧૮ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો. રોકાણકારોની સંપત્તિમાં એક જ દિવસમાં મોટો વધારો થયો હતો.

આજે સેન્સેક્સ ૧૩૮૩.૯૩ પોઈન્ટના વધારા સાથે ૬૮૮૬૫.૧૨ પોઈન્ટની સર્વોચ્ચ સપાટી અને નિફ્ટી ૪૧૮.૯ પોઈન્ટના વધારા સાથે૨૦૬૮૬.૮૦પોઈન્ટ પર બંધ રહ્યા હતા. આજના સત્રમાં બેંકિંગ તેમજ સરકારી કંપનીઓના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. એક જ સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬ લાખ કરોડનો વધારો થયો છે.

રોકાણકારોની સંપત્તિ વધીને ૩૪૬.૪૬ લાખ કરોડ પર પહોંચી છે. જે ગત સત્રમાં ૩૩૭.૫૩ લાખ કરોડ હતી. આઈશર મોટર્સ, અદાણી એન્ટરપ્રાઈઝિસ, અદાણી પોર્ટ્સ, બીપીસીએલ અને આઈસીઆઈસીઆઈ બેંક નિફ્ટીમાં સૌથી વધુ વધ્યા હતા, જ્યારે એચડીએફસી લાઈફ, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, વિપ્રો, સન ફાર્મા અને ટાઈટન કંપની ટોપ લુઝર્સમાં સામેલ હતા. નિફ્ટી ફાર્મા અને મીડિયા સિવાય, અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા હતા. બીએસઈમિડકેપ અને સ્મોલકેપ દરેક ૧ ટકા વધ્યા હતા. આજના સત્રમાં સેન્સેક્સ-નિફ્ટી ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યા હતા. તો બેંક નિફ્ટી પણ ૧૬૬૮ પોઈન્ટના ઉછાળા સાથે ૪૬,૪૮૪ પોઈન્ટની ઐતિહાસિક ટોચે પહોંચી હતી. નિફ્ટી મિડ કેપ ઈન્ડેક્સ અને સ્મોલ ઈન્ડેક્સ પણ તેમના જીવનકાળના ઉચ્ચ સ્તરે બંધ થયા છે. આજના કારોબારમાં સરકારી અને ખાનગી બંને બેંકોના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. સરકારી કંપનીઓમાં પણ મોટી ખરીદી જોવા મળી હતી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૫ શેરો ઉછાળા સાથે અને ૫ નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦માંથી ૪૫ શેર ઉછાળા અને ૫ ઘટાડા સાથે બંધ થયા છે.

### ભાજપના વિજય બાદ કોંગ્રેસના નેતાનું નિવેદન

# આ ભાજપની નહીં, મોદીની જીત છે : અધિર રંજન ચૌધરી

નવી દિલ્હી, તા.૪

એમપી, રાજસ્થાન અને છત્તીસગઢમાં બીજેપીની બમ્પર જીત બાદ કોંગ્રેસ નેતા અધીર રંજનનું નિવેદન સામે આવ્યું છે.

ત્રણ રાજ્યોમાં હાર બાદ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે આ બીજેપીની જીત નથી પરંતુ મોદીની જીત છે. થોડા દિવસ પહેલા કર્ણાટક અને હિમાચલમાં અમે જીત્યા હતા ત્યારે પીએમ ક્યા હતા? તેમણે કહ્યું કે, વોટ પીએમ વિરુદ્ધ બઘેલ અને પીએમ વિરુદ્ધ ગેહલોત થયા.

સંસદના શિયાળુ સત્રમાં ભાગ લેવા માટે પહોંચેલા કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરીએ પત્રકારોએ વિધાનસભા ચૂંટણીના પરિણામો અંગે સવાલ કર્યો તો તેમણે કહ્યું કે, છત્તીસગઢમાં પીએમ મોદી વિરુદ્ધ બઘેલ, રાજસ્થાનમાં પીએમ મોદી વિરુદ્ધ ગેહલોત હતા. અમે જોયું કે પીએમ મોદી દિલ્હી છોડીને ચૂંટણી જીતવા માટે ગામડાઓમાં ફરી રહ્યા હતા. ભાજપમાં પીએમ મોદી સિવાય કોઈ નથી. ભાજપનું માનવું છે કે. આ પીએમ મોદીની જીત છે, તે ભાજપ, આરએસએસ કે વિશ્વ હિન્દુ પરિષદની જીત નથી. બીજી તરફ આ સંસદના શિયાળુ સત્રમાં ભાગ લેવા પીએમ મોદી પણ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે સંસદની બહાર મીડિયાને સંબોધિત કરી વિપક્ષી દળો સામે નિશાન તાક્યું હતું. પીએમ મોદીએ મીડિયા સમક્ષ કહ્યું કે રાજકીય માહોલ ગરમાયો છે. ગઈકાલે ચાર રાજ્યોની ચૂંટણીના પરિણામ આવ્યા. પરિણામ ઉત્સાહજનક હતા. આ એમના માટે હતા જે સામાન્ય લોકોના કલ્યાણ માટે, દેશ માટે અને દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કમિટેડ છે. તેમણે વિપક્ષ સામે નિશાન તાકતાં કહ્યું કે હું વિપક્ષી દળોને કહેવા માગુ છું કે તેઓ હારનો ગુસ્સો સંસદમાં ન કાઢે અને ખોટો હોબાળો કરીને સંસદની કાર્યવાહીને ખોરવવાનો પ્રયાસ ન કરે.

### આપના સાંસદને ૧૧ ઓગસ્ટે સસ્પેન્ડ કરાયા હતા

# રાઘવ ચઢ્ઢાનું ૧૧૫ દિવસ બાદ રાજ્યસભાનું સસ્પેનશન રદ થયું

નવી દિલ્હી, તા.૪

રાજ્યસભામાંથી આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાનું સસ્પેન્શન ખતમ થઈ ગયું છે. રાઘવ ચઢ્ઢાને ૧૧ ઓગસ્ટે ઉપલા ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આપસાંસદે આ અંગે સુપ્રીમ કોર્ટનો સંપર્ક પણ કર્યો હતો. આના પર પ્રતિક્રિયા આપતા આપસાંસદ રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે ૧૧ ઓગસ્ટે મને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. મારું સસ્પેન્શન રદ કરાવવા હું સુપ્રીમ કોર્ટમાં ગયો હતો. સુપ્રીમ કોર્ટે આની નોંધ લીધી અને હવે ૧૧૫ દિવસ બાદ મારું સસ્પેન્શન રદ કરવામાં આવ્યું છે. રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, મને ખુશી છે કે, મારું સસ્પેન્શન પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને હું સુપ્રીમ કોર્ટ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડનો આભાર માનું છું. એક વીડિયો મેસેજમાં આપસાંસદે કહ્યું કે, ૧૧૫ દિવસ સુધી હું સંસદમાં તમારો અવાજ ન ઉઠાવી શક્યો. હું ૧૧૫ દિવસ સુધી તમારા સવાલો સરકારને પૂછી ન શક્યો. આગળ તેમણે ખુશી વ્યક્ત કરી કે ભલે આટલા દિવસો બાદ પણ આજે મારું સસ્પેન્શન સમાપ્ત તો થયું. વીડિયોમાં તેણે લોકોને મળેલા સમર્થન માટે તેમનો આભાર પણ વ્યક્ત કર્યો. આપસાંસદ રાઘવ ચઢ્ઢાને ૧૧ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ અનુશાસનહીનતાના આરોપમાં રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ગૃહના કેટલાક સાંસદોએ ચઢ્ઢા પર તેમની સંમતિ વિના ઠરાવમાં તેમનું નામ ઉમેરવાનો આરોપ લગાવ્યો હતો. આક્ષેપો કરનારાઓમાં મોટાભાગના સત્તાધારી ભાજપના સભ્યો હતા.

### સંસદનું શિયાળુ સત્ર શરૂ થયું

# વિપક્ષ હારનો ગુસ્સો સંસદમાં ન કાઢે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા.૪

સંસદનું શિયાળુ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. આ સત્રમાં ભાગ લેવા પીએમ મોદી પણ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે સંસદની બહાર મીડિયાને સંબોધિત કરી વિપક્ષી દળો સામે નિશાન તાક્યું હતું.

પીએમ મોદીએ મીડિયા સમક્ષ કહ્યું કે રાજકીય માહોલ ગરમાયો છે. ગઈકાલે ચાર રાજ્યોની ચૂંટણીના પરિણામ આવ્યા. પરિણામ ઉત્સાહજનક હતા. આ એમના માટે હતા જે સામાન્ય લોકોના કલ્યાણ માટે, દેશ માટે અને દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કમિટેડ છે. તેમણે વિપક્ષ સામે નિશાન તાકતાં કહ્યું કે હું વિપક્ષી દળોને કહેવા માગુ છું કે તેઓ હારનો ગુસ્સો સંસદમાં ન કાઢે અને ખોટો હોબાળો કરીને સંસદની કાર્યવાહીને ખોરવવાનો પ્રયાસ ન કરે. તેમણે વિપક્ષને કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલાં આ સત્ર આપણા માટે મહત્ત્વપૂર્ણ બની રહેશે અને આ મોકો આપણે હાથમાંથી જવા ન દેવો જોઈએ.

### મિચોંગ વાવાઝોડાની તીવ્રતા વધી

# ગુજરાતમાં બે દિવસ વરસાદી માહોલ રહેવાની સંભાવના

અમદાવાદ,તા.૪

ભારતમાં વધુ એક વાવાઝોડુ દસ્તક દઈ રહ્યું છે. ફરી એક વખત દરિયાકાંઠાના રાજ્યોને મિચોંગ વાવાઝોડું ઘમરોળશે, ત્યારે ગુજરાત પર પણ તેની અસર જોવા મળશે. હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર મિચોંગ વાવાઝોડાની તીવ્રતા ખૂબ જ વધારે છે. જેના કારણે હવે પવનની દિશા બદલાઈ છે.જેના કારણે ફરી એક વખત ગુજરાતમાં વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે.

મિચોંગ વાવાઝોડાની તીવ્રતા વધી છે. જેના કારણે હવે ગુજરાત પર પણ તેની થોડી ઘણી અસર જોવા મળશે. મિચોંગ વાવાઝોડાના કારણે પવનની દિશા બદલાતા ગુજરાત પર એક વરસાદી સિસ્ટમ એકટિવ થઈ છે.જેના કારણે ગુજરાતમાં બે દિવસ વરસાદી માહોલ રહેવાની સંભાવના છે. એક તરફ દક્ષિણ ભારતમાં વાવાઝોડાની અસરને કારણે આજે તેમજ આવતીકાલે પણ અનેક જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ પડી રહ્યો છે. કેટલીક જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે હવે ગુજરાતમાં પણ આવી જ અસર જોવા મળશે.રાજ્યમાં આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરત, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, ખેડામાં હળવા વરસાદની આગાહી છે. આજે સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, પંચમહાલમાં વરસાદની શક્યતા છે. આજે દાહોદ, સુરત, મહિસાગર અને ભાવનગરમાં વરસાદની આગાહી છે. આવતીકાલે અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદમાં વરસાદનું અનુમાન છે.આવતીકાલે મહિસાગર, છોટાઉદેપુર, સુરત, નર્મદા, ભાવનગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ત્યારે ગુજરાતમાં માવઠાનો ત્રીજો રાઉન્ડ જોવા મળી શકે છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ.ગજેરા એથ્લેટીક્સ રમતનાં વિદ્યાર્થીઓએ નેશનલ કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યુ






અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ તથા શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ ડીએલએસએસ ના ખેલાડીઓએ તા.૨/૧૧/૨૦૨૩ થી તા. ૧૨/૧૧/૨૦૨૩ સુધી ૩૮ મી જુનીયર નેશનલ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં કોયમ્બતુર (તલિમનાડુ) ખાતે એથ્લેટીકસ સ્પર્ધામાં (૧) વાળા રોશનબા (૨) લકુમ હારવિન (૩) સાટીયા યશ એ નેશનલ કક્ષાએ પાર્ટીશીપેશન કરેલ છે. જેમાં વાળા રોશનબાએ નેશનલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજય તથા અમરેલી જિલ્લા અને શાળા પરિવારનું નામ રોશન કર્યુ છે. તેમની આ અપ્રતિમ સિદ્ધી બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી કોચ રતનસિંહ ભુરીયા તેમજ તમામ ડીએલએસએસ સ્ટાફ, તમામ પ્રિન્સીપાલ અને સુપરવાઈઝર એ હૃદયપુર્વક શુભકામનાં પાઠવી હતી. તેમજ આગામી સમયમાં વધુ સારૂ પ્રદર્શન કરે તે માટે તમામ ખેલાડીઓને હૃદય પુર્વક શુભેચ્છા આપી હતી.

### જુદી-જુદી સંસ્થાઓએ રજુઆત કરી

## જાફરાબાદ-મહુવા લોકલ બસ બંધ કરી દેવાતા મુસાફરવર્ગમાં નારાજગી

### ન્યાય ન મળે તો આંદોલનની ચીમકી



મહુવા, તા.૪

મહુવા જાફરાબાદ લોકલ એસટી બસ ચાલું કરવા માટે સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટિઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ તથા જુદી જુદી સંસ્થાઓ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત મહુવા ડેપોની લોકલ એસટી બસ જે સવારના જાફરાબાદ રૂટ ઉપર ચાલતી હતી જે લાંબા સમયથી બંધ કરી દેવામાં આવેલ છે.

આ મહુવા જાફરાબાદ, મહુવા જાફરાબાદ, વચ્ચે જે લોકલ બસ ચાલતી હતી આ બસને ફરીવાર ચાલું કરવા માટે જાગૃત નાગરિકે મહુવા ડેપો મેનેજરને તેમજ ભાવનગર ડીસી ટેલીફોનીક રજુઆત તેમજ લેખિત ફરિયાદ કરેલ છે. છત્તા પણ એસટી તંત્ર ધ્યાન પણ લીધું નથીને આંખ આડા કાન કરી રહેલ હોય જાફરાબાદથી મહુવા જાવા માટે એક બસ સાંજના સમયે ચાલુ કરવા આવી છે. પરંતુ સવારના ૬, વાગ્યે લોકલ બસ મળતી નથી મહુવા, જાફરાબાદ બસ ચાલુ કરવામાં આવે તેવી માંગ જનતામાંથી થતાં અગાઉ પણ સંસ્થાઓ દ્વારા પણ રજુઆત કરવામાં આવી હતી જાફરાબાદ મોટું બંદર હોય જાફરાબાદથી દવાખાનાના દર્દીઓ મહુવા જાય છે. તેમજ અન્ય ગ્રામ્ય વિસ્તારોના લોકો મહુવા જાય છે. જાફરાબાદથી મહુવા જાવા માટે લોકો એસટીની અવેજીમાં ખાનગી વાહનોનો સવારે આઠ મેજિક તેમજ ઈકો ગાડીઓ મુસાફરોને ભરી ભરીને જાય છે. અને એસટીને મોટી ખોટ જાય છે. તો શું આ બાબતે એસટી તંત્રના ઉચ્ચ અધિકારીઓના ધ્યાન ઉપર આવતું નથી કે પછી ખાનગી વાહનો સાથે સેટિંગ છે ? ખાનગી વાહનોમાં મુસાફર જનતા કમરતોડ ઉંચુ ભાડું સુકવી મુસાફરી કરતા હોવા છતાં પણ એસટી તંત્રની આંખ ખુલતિ નથી અને મહુવા મેડિકલ ક્ષેત્રમાં હબ ગણાય છે. મહુવાથી દવાખાનાના દર્દીઓ સારવારના દવા લઈને આ બસમાં પરત ફરે છે.

મહુવા જાફરાબાદ ૬ વાગ્યે સવારના એસટી બસ ચાલતી હતી આ બસને કોઈ અકલ કારણોસર બંધ કરી દેવામાં આવી છે જાફરાબાદથી સવારના મેજીક, ઈકો, ટેમ્પા, પ્રાઈવેટ વાહનો ભરીને લોકો વધુ ભાડું ચુકવીને અકસ્માતના ભય વચ્ચે મહુવા જાફરાબાદ,જાફરાબાદ,મહુવા,ની મુસાફરી કરી રહ્યા છે. એસટી તંત્ર મોટી આવક ગુમાવી રહીં છે.

આ કુદરતી ન્યાય અને સિદ્ધાંતના વિરૂદ્ધ છે. જે અતિશય ગુનાહિત બાબત છે. લોકો ના માનવ અધિકારોનો ભંગ થાય છે. લોકો પારાવાર હાડમારી વેઠવી રહ્યા છે. આ બસને ચાલું કરવા માટે એસટી તંત્રને કંઈ સમસ્યા નડે છે ? તે સમજાતું નથી આ અંગે ડેપો મેનેજર ભાવનગરને વારંવાર લેખિત તેમજ ટેલિફોનીક રજૂઆત કરવામાં આવી છત્તા પણ ધ્યાન પણ લેવામાં આવતું નથી અને તેઓ કહે છે કે અમને ઉપરથી મજુરી મળતી નથી એસટી તંત્રએ જનતા ને મળતી સુવિધા છિનવી લીધી છે. એસટી તંત્રના અણઘડ વહીવટથી પારાવાર મુસાફર જનતા હેરાન થઈ રહી છે.એસટી લોકોની સુવિધા માટે ચાલે છે નહીં કે લોકોને ત્રાસ આપવા માટે જો આ બાબતે લોકો ને ન્યાય આપવામાં નહીં આવેતો જાફરાબાદની જનતા વેપારી એસોસિયેશન, અને જુદી જુદી સંસ્થાઓ મળીને ઉગ્ર આંદોલનના મંડાણ કરશે અને મહુવા અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ પણ બસ રોકો ચક્કાજામ, જેવા કે સંવિધાનની આર્ટિકલ ૧૯, આપેલા અધિકારોનો ઉપયોગ કરીને એસટી સામે આંદોલન કરવામાં આવશે.

અમારી વ્યાજબી માંગણીને નજર અંદાજ કરશો નહીં આંદોલન કરવા મજબૂર બનાવશો નહીં આ બાબતે સંસ્થાઓ દ્વારા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટિઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ સંસ્થાઓ દ્વારા આર્ટિકલ ૨૨૬માં આપેલ અધિકાર મુજબ નામદાર હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી પી.આઈ.એલ. દાખલ કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી એસટી તંત્રની રહે છે.

જેની ગંભીર નોંધ લેશોજી બસ જાફરાબાદથી મહુવા સવારના ૬. કલાકે બસ ચલાવી ઉપરોક્ત અમારી માંગણીને ગંભીરતા પૂર્વક ધ્યાનમા લેવામાં આવે તથા મુસાફર જનતાની સુવિધા ચાલુ કરવામાં આવે તેવી ઉપરોક્ત માંગણી છે.

## અમરેલી કડકડતી ઠંડીમાં ગરીબોને શકિતગૃપની હૂંફ



અમરેલી, તા. ૪

શકિત ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા અમરેલી શહેરના અલગ અલગ સ્થળોએ શિયાળાની રાત્રિની કડકડતી ઠંડીમાં ગરીબોને ઘાબળા ઓઢાવી સેવારૂપી સુવાસ ફેલાવી છે. શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે.

રાત્રિના સમયે જરૂરિયાતમંદોને હુંફ મળે માટે જુદી જુદી સંસ્થાઓ દ્વારા વિવિધ સેવા કાર્યો કરતા રહે છે હરહંમેશ મદદરૂપ રહેતી અગ્રણી સેવાકીય સંસ્થાન શકિત ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ શિયાળાના સમયે ગરીબોની વ્હારે આવી છે. અમરેલીના શકિત ગૃપ દ્વારા દાતાઓના સહયોગથી શહેરના અલગ અલગ સ્થળોએ ગરીબોને ઘાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું દરેક તહેવાર સમયે જરૂરિયાતમંદ લોકોની મદદ માટે તત્પર રહેતી શકિત ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટનાં સભ્યો કપડાં સહિત ની વસ્તુઓનુ વિતરણ કરી ગરીબ લોકોને તહેવારમાં સેવા રૂપી સુગંધ ફેલાવે છે ગૌતમભાઈ વાળા, વિજયભાઈ ઘંધુકીયા, પરેશભાઈ પરમાર, ચિરાગભાઈ સાદરાણી, ચકાભાઈ વાળા, અશોકભાઈ વાળા સહિત ટીમ કડકડતી ઠંડીમાં ગરીબોને હૂંફ આપી હતી.


હેપ્પી બર્થ-ડે...

ભગવાન તમને દુનિયાભરનું સુખ આપે,
જીવનમાં દરેક પગલે પ્રગતિ આપે,
તમારા હોઠ પર સદાય સ્મિત રહે,
જન્મદિવસ પર આવી ભેટ આપે.

હેપ્પી બર્થડે જ્વેલ

ભરતભાઈ-રેખાબેન (દાદા-દાદી)
હિરેનભાઈ -હિમાનીબેન (પપ્પા -મમ્મી)
પ્રવિણભાઈ -પ્રવિણાબેન (નાના-નાની)



જ્વેલ હિરેનભાઈ ઉનડકટ
જ.તા. ૦૮/૧૨/૨૦૨૧


### આજનાં હાઈટેક અલ્ટ્રા સાઉન્ડ સિસ્ટમનાં યુગમાં

## સાવરકુંડલાની બેન્ડ પાર્ટીનાં વ્યવસાયને શુભ પ્રસંગે આવકારીને તેના રોજગારમાં સહાયક બનીએ

### લુપ્ત થઈ રહેલી એ કલાની વિરાસતને નવજીવન બક્ષીએ




સાવરકુંડલા, તા. ૪

આ હાઈટેક ઈલેક્ટ્રોનિક યુગમાં ડી. જે. સાઉન્ડ જેવાં ઉપકરણો વચ્ચે લગ્ન સમારંભ કે શુભ પ્રસંગોમાં હવે બેન્ડ પાર્ટીનાં આથમતાં યુગમાં પણ હજુ સાવરકુંડલા શહેરમાં બે ચાર બેન્ડ પાર્ટી વાળા હજુ પણ પોતાની કલાનાં કામણ પીરસતાં જોવાં મળે છે.

હા, સમય એનો એ જ છે પરંતુ ઉપકરણો નેનો થયાં ચીપથી શરૂ કરી માઈક્રો ચીપ્સ અને તેનો ટેકનોલોજીએ જીવનની ઓરિજિનલ આનંદ છીનવી લીધો હોય તેવું લાગે છે. લગ્ન પ્રસંગે વળાવતી વખતે એ વેલડું તો ઘોડાગાડીની માફક લુપ્ત થયું. હવે ઢોલ અને શરણાઈતો કોઈ કોઈ લગ્ન સમારંભમાં ભાગ્યે જ જોવા મળે છે. એ મધ્ય યુગની બેન્ડ પાર્ટીનાં પણ હવે વળ તાં પાણી થવાની અણી પર છે.

હાલ સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર બટુકભાઈ સોલંકી કે જે ખોડિયાર બેન્ડના માલિક છે. જે પોતાનાં વ્યવસાયમાં કાર્યરત છે. પરંતુ આ બેન્ડનાં માલિકનું એવું કહેવું છે કે હવે ખૂબ થોડાં શુભ પ્રસંગોમાં લોકો તેની સેવા લેતાં જોવા મળે છે આજકાલ ડી. જે. સાઉન્ડનાં કાનફાડી નાખે તેવાં તાલ લોકોને વધુ માફક આવતાં હોય તેવું જણાય છે.

ધ્વનિનું પ્રદુષણ પણ હવે લોકોને માફક આવી ગ્યુ હોય તેવું પણ કહી શકાય અને પરિણામ સ્વરૂપે લોકોમાં બહેરાશનું પ્રમાણ પણ હવે ધીમી ગતિએ વધી રહ્યું છે. આમ તો લગ્નસરાની મોસમ પણ સિમિત હોય, યજ્ઞોપવીત સંસ્કાર, મંદિરનાં પાટોત્સવ, સામૈયું, ફૂલેકા, ઉદ્દઘાટન સમારંભ, સ્વાગત સમારંભ જેવાં પ્રસંગે આ બેન્ડ પાર્ટીનો વ્યવસાય થોડો ઘણો ચાલે છે. પરંતુ એમાં પણ અલ્ટ્રા મેગા સાઉન્ડ જેવાં હાઈટેક ડી. જે. સાઉન્ડ સિસ્ટમ દ્વારા પણ આવાં પ્રસંગો ઉજવવાય છે તેથી બેન્ડ પાર્ટીવાળાનો વ્યવસાય હાલ તો ઓકિસજન પર જ ગણાય. જો કે મશીન દ્વારા ઓટોમેટિક નીકળતી સુરાવલી કરતાં જીવંત કલાના ઉપાસકો દ્વારા પીરસાતું એ બેન્ડ પાર્ટી કે શહેનાઈ વાદનનુંસંગીત માનવીના મનને શાંતિ તો જરૂર આપે છે.

પરંતુ આ બદલતાં જતાં ભૌતિક યુગમાં હાઈટેક એમ્યુઝમેન્ટ અર્થાત્ મશીન મિશ્રિત સંગીત વચ્ચે આજનું માનવ જીવન મુંઝાઈ તો રહ્યું છે. જીવનનાં શુભ પ્રસંગે સાચું સુખ તો એ કલાનાં કસબીઓ દ્વારા વગાડાય રહેલાં ઢોલ, શરણાઈ અને બેન્ડ પાર્ટીનાં વિવિધ વાદ્યોનાં સૂરો થકી જ મળે.. પરંતુ દેખાદેખી અને ચડસાચડસીનાં આ યુગમાં આવી કલાઓ લુપ્ત થવાનાં આરે છે.. હજુ પણ સમય છે.

શુભ પ્રસંગે એ લુપ્ત થતી કલાને બીરદાવી અને તેનાં જીવનની રોજગારીનાં સહાયક બનીને એ લુપ્ત થતી કલાને સાચવી લઈએ.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


# અમરેલીમાં રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા કવિ સંજુ વાળાને અર્પણ કરાયો ''કવિવર રમેશ પારેખ એવોર્ડ






અમરેલીમાં રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા ૨૭ મી નવેમ્બરે રમેશ પારેખ જન્મજયંતી ઉજવણી અંતર્ગત એવોર્ડ અર્પણ સમારોહ અને કવિ સંમેલનનો શાનદાર કાર્યક્રમ યોજાઈ ગયો. રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા નાથીમા અને હરિબાપા પરમારની સ્મૃતિમાં શરૂ કરવામાં આવેલો 'કવિવર રમેશ પારેખ એવોર્ડ ' વર્ષ - ૨૦૨૩ નો કવિ સંજુ વાળાને, જાણીતા કવિ અને રવિભાણ સંપ્રદાય, કહાનવાડીના મહંતશ્રી ડો. દલપત પઢિયારના વરદ હસ્તે આપવામાં આવ્યો. ગુજરાતી ભાષામાં આગવી અને અલાયદી મુદ્રા ધરાવતા કવિ સંજુ વાળાની સર્જકતા વિશે, કવિ અને વકતા સમીર ભટ્ટે અભ્યાસપૂર્ણ વકતવ્ય આપ્યું. આ પ્રસંગે અતિથિવિશેષ અમરેલીના જાણીતા તબીબ અને સાહિત્યમર્મજ્ઞ ડો. ભરત કાનાબારે રમેશ પારેખ સાથેના સંસ્મરણો વાગોળી કવિ સંજુ વાળાને અભિનંદન અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળને શુભેચ્છાઓ પાઠવી. નાથીમા અને હરિબાપા પરમાર પરિવાર વતી શાંતિલાલ પરમાર દ્વારા કાર્યક્રમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. પ્રતિભાવમાં સંજુ વાળાએ રમેશ પારેખની સર્જકતા વિશે વાત કરી પોતાનો રાજીપો વ્યકત કરી રમેશ પારેખ સાહિત્ય વર્તુળનો આભાર માની અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી. અધ્યક્ષીય ઉદ્બોધનમાં ડો. દલપત પઢિયાર રમેશ પારેખ, સંજુ વાળા અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળ વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું અને ખૂબ ખૂબ રાજીપો વ્યકત કર્યો. પધારેલા મહેમાનો અને શ્રોતાઓનું સ્વાગત હરજીવન દાફડાએ, ભૂમિકા રોહિત જીવાણીએ અને આભાર કેતન કાનપરિયાએ વ્યકત કર્યો. સમગ્ર કાર્યક્રમનું પોતાના આગવા અંદાજમાં સંચાલન કવિ સ્નેહી પરમારે કર્યું. કાર્યક્રમનાં બીજા દોર, કવિ સંમેલનમાં નામાંકિત કવિઓ સર્વડો. દલપત પઢિયાર, સંજુ વાળા, સમીર ભટ્ટ, હરજીવન દાફડા, સ્નેહી પરમાર, કેતન કાનપરિયા, મુકેશ દવે, મુકેશ જોગી દ્વારા કવિતાઓનું પઠન કરવામાં આવ્યું. કવિ સંમેલનનું સુંદર સંચાલન કવિ ગોપાલ ધકાણ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં કવિઓ, લેખકો અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા રમેશ પારેખ સાહિત્ય વર્તુળનાં સર્વ હરજીવન દાફડા, રોહિત જીવાણી, સ્નેહી પરમાર, કેતન કાનપરિયા, મુકેશ દવે, ગોપાલ ધકાણ મુકેશ જોગી વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી : ૨૪×૭ ગ્રૂપ દ્વારા ફાયર વિભાગનાં કર્મચારીઓનું અભિવાદન







સરકારના વિવિધ વિભાગોનાં નાના કર્મચારીઓનો જુસ્સો જળવાય રહે અને તેમનો ઉત્સાહ વધે તે માટે અમરેલીના ૨૪×૭ ગ્રૃપ દ્વારા અભિવાદન – સન્માનના કાર્યક્રમો ચાલે છે. અગાઉ સંસ્થા દ્વારા વિદ્યુત વિભાગનાં ફીલ્ડમાં કામ કરતાં લાઈનમેનોનું અને પોલીસ વિભાગનાં કોન્સ્ટેબલ – હેડ કોન્સ્ટેબલોનાં અભિવાદનનાં કાર્યક્રમો થઈ ચુકયા છે. તા.૨/૧૨નાં શનિવારે સાંજે અમરેલી શહેરનાં ફાયર વિભાગનાં ૨૬ ફાયરમેનોનાં સન્માન – અભિવાદનનો એક કાર્યક્રમ ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ કેમ્પસમાં રાખેલ જેમાં ફાયર વિભાગનાં અમરેલી જિલ્લાનાં વડા ગઢવી તથા ૨૬ ફાયરમેનો ઉપસ્થિત રહયા હતા. હાલ અમરેલીનાં ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગમાં આગ લાગે તે સિવાય, પુર, અતિવૃષ્ટિ જેવી અણધારી કુદરતી આફતો તેમજ રોડ એકસીડેન્ટ કે મકાન પડવા જેવી ઘટનાઓમાં માણસોને બચાવવાની કામગીરી માટેનાં અદ્યતન સાનો ઉપલ્ધ છે. અમરેલીનાં આ વિભાગે મોરબીની પુલ તુટવાની દુર્ઘટનામાં કરેલ કામગીરી માટો ગુજરાત સરકાર દ્વારા પ્રસંશા થઈ હતી. માત્ર આગ લાગવા સમયે નહિ પણ કોઈપણ આકસ્મિક દુર્ઘટનામાં બચાવ કામગીરી કરવા માટો ખાસ ટ્રેઈનીંગ પામેલ કર્મચારીઓ આ વિભાગમાં કામ કરે છે. ૨૪×૭ ગ્રૃપનાં ડો.ભરત કાનાબાર ઉપરાંત અજમેરા સ્કુલનાં મેનેજીંગ ટ્રસ્ટી રાજુભાઈ કામદાર, ફોરવર્ડ સ્કુલનાં પુર્વ શિક્ષક બીપીનભાઈ જોષી, આહિર સમાજનાં અગ્રણી અને સેવાભાવી કમલેશભાઈ ગરાણીયા, એડવોકેટ ચેતનભાઈ રાવળ, નયનભાઈ જોષી (બેદી) તથા દિનેશભાઈ વાઘેલા દ્વારા ફાયરમેનોને અભિનંદનપત્ર ઉપરાંત શુભેચ્છાનાં પ્રતિક રૂપે ૧ કીલો ઓર્ગેનિક ગોળ આપવામાં આવેલ.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં ભાજપીઓ

અંકુરભાઈ જસાણી, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, યુવા શહેર ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, રસિકભાઈ ગોજારીયા, નગરપાલિકા કારોબારી સમિતિનાં ચેરમેન અશ્વિનભાઈ મકવાણા સહિત ભાજપના અગ્રણીઓ, જિલ્લા પંચાયતના સભ્યો, નગરપાલિકા સભ્યો અને તાલુકા પંચાયતના ભાજપના સભ્યો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સાવરકુંડલા**

સાવરકુંડલા ખાતે આવેલ રિધ્ધિ સિધ્ધિ ચોક ખાતે તાજેતરમાં યોજાયેલી દેશના અન્ય રાજયોની વિધાનસભાની ચૂંટણીઓમાં ત્રણ રાજયોમાં ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી મળતા ભાજપ કાર્યકરો ધ્વારા વિજયોત્સવ મનાવવામાં આવેલ. ફટાકડા ફોડીને મોં મીઠા કર્યા હતા. આ તકે અમરેલી જિલ્લા ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા તથા તાલુકા પ્રમુખ જીવનભાઈ વેકરીયા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા શહેર મંત્રી રાજુભાઈ નાગ્રેચા અને ગ્રામ્ય મંત્રી નીતિનભાઈ નગદીયા, નગરપાલિકા સભ્ય ચેરમેન કિશોરભાઈ બુહા, નગરપાલિકા દંડક અજયભાઈ ખુમાણ, શહેર મંત્રી અમિતભાઈ પંડયા, શહેર મંત્રી હર્ષદભાઈ પરમાર, શહેર મંત્રી ચંપુભાઈ ધાંધલપ તાલુકા સદસ્ય મુકેશભાઈ મહિડા તથા રજાકભાઈ ભટ્ટી તથા પ્રણવ વસાણી તથા યુવા ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢની જનતાને ભારતીય જનતા પાર્ટીના માધ્યમથી ત્રણેય રાજયોનાં નાગરિકોને ખૂબ ખૂબ અભિનંદન પણ પાઠવવામાં આવેલ.

**લીલીયા**

લીલીયા મોટા સરદાર ચોક ખાતે રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં જોરદાર વિજય થતા લીલીયા તાલુકા ભાજપ પરિવાર દ્વારા વિજય ઉત્સવ મનાવી અને એક બીજાને મોં મીઠા કરી ખુશી વ્યકત કરવામાં આવેલ અને વંદે માતરમ, ભારત માતાકી જયના નાદ સાથે ફટાકડા ફોડવામાં આવેલ. આ તકે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેનના પ્ર. ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ભરતભાઈ હેલૈયા, તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ ઠુંમર, ડો. કુંભાણી, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પરીન સોની, તાલુકા પંચાયતના સદસ્યો કેપ્ટન ધામત, ઘનશ્યામ મેઘાણી, પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે

**વડિયા**

વડિયાનાં બસ સ્ટેન્ડ તીન બત્તી ચોક ખાતે તાલુકા ભાજપ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી એક બીજાના મોં મીઠાં કરી ત્રણ રાજયોમાં થયેલ ભાજપના વિજયને વધાવ્યો હતો.

ત્રણ રાજયોમાં થયેલ ભવ્ય વિજયને ભાજપ દ્વારા થયેલ વિકાસના કાર્યો નો વિજય ગણાવ્યો. આ તકે જીલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હીરપરા, કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા, છગનભાઈ ઢોલરીયા, ચેતનભાઈ દાફડા, અનિભાઈ મહેતા, લાલજીભાઈ જીગર, સેજપાલ સહિતના ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ રાજયોમા ભાજપનો ભવ્ય વિજય એ લોંકસભાની ચૂંટણીનુ રીહર્સલ ગણાવ્યુ અને ફરીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનશે તેવો વિાસ વ્યકત કર્યો હતો.

**કુંકાવાવ**

કુંકાવાવમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢની ચૂંટણીના પરિણામ જાહેર થયા છે ત્યારે ભાજપ પક્ષને મળેલ જીતથી ભાજપ પક્ષના તમામ કાર્યકરો આનંદની લાગણી ફેલાઈ હતી. આ તકે કુંકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, સરપંચ ફોજી સંજયભાઈ લાખાણી, પંચાયત બોડી મેમ્બરો, વેપારી વિપુલભાઈ દેવગણીયા, દેવીલાલભાઈ ખુંટ, રમેશભાઈ આસોદરીયા સહિતના વેપારીઓ તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં ફટાકડા ફોડી આ જીત વિજયને હર્ષોલ્લાસથી વધાવવામાં આવેલ હતો.

## પાના ૧ ઉપરનું ચાલું સા.કુંડલાનાં માનવ મંદિરનાં ટ્રસ્ટીને

કાર્યાલયમાં વાત કરતા આ પરશોતમભાઈ રૂપાલાના અમરેલી ખાતે આવેલ'' 'મદદ' કાર્યાલયમાં કાર્યાલય મંત્રી તરીકે કામ કરતાં હિરેનભાઈ લાભુભાઈ વાળાએ તપાસ કરતા અમારી ઓફીસમાં કે પરશોતમભાઈ રૂપાલાના કોઈ સ્ટાફ આ મોબાઈલ નંબર–૯૫૧૨૭ ૮૦૯૧૬ વાપરતા નથી કે તેમના પી.એ. એ પણ મનસુખભાઈ સાથે મોબાઈલ ફોનમાં ઉપરોકત વિગતેની વાતચીત કરેલ ન હોય પરંતુ આ મોબાઈલ નંબર– ૯૫૧૨૭ ૮૦૯૧૬ વાળા માણસે ઠગાઈ કરવાના ઈરાદે કેન્દ્રિય મંત્રી પરશોતમભાઈ રૂપાલાના પી.એ. તરીકેની ખોટી ઓળખાણ આપી, ખોટા નામે આ માનવ મંદીર આશ્રમના ટ્રસ્ટી મનસુખભાઈ સાથે મોબાઈલ ફોનમાં ફોન કરીને ગર્ભિતધમકી આપેલ હોય જેથી ''મદદ' કાર્યાલયના કાર્યાલય મંત્રીએ ઉપરોકત બનાવની જાણ રૂપાલાને કરતા તેઓ હાલ અહી હાજર ન હોય અને આ બાબતે 'મદદ' કાર્યાલયના કાર્યાલયમંત્રીને ફરીયાદ કરવા સુચના આપેલ હોય જેથી પરશોતમભાઈ રૂપાલાનાં અમરેલી ખાતે આવેલ મદદ કાર્યાલયમાં કાર્યાલય મંત્રી તરીકે કામ કરતાં હિરેનભાઈ લાભુભાઈ વાળાએ આ અજાણ્યા માણસ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી અને ગારીયાધાર તાલુકાના પરવડી ગામે રહેતા ભાવેશ જગદીશભાઈ નામના આરોપીને તેમના મોબાઈલ નંબરના આધારે ઝડપી પાડેલ છે. અને વધુ તપાસ હાથ ધરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ઐતિહાસિક રાજમહેલનાં

રાજમહેલ આગામી દિવસોમાં ટુરિસ્ટ પ્લેસ બનાવવાની દિશામાં આગળ લઈ જવામાં આવશે. જેના ભાગરૂપે આજે એક સર્વે ટીમ અમરેલીની મુલાકાતે સાથે સ્થળ નિરીક્ષણ કરવા માટે આવેલ. ત્યારે સંબધિત અધિકારીઓ સાથે અમરેલીના યુવા ધારાસભ્ય કૌશિક વેકરિયાએ પણ આ અમરેલીના ઐતિહાસિક રાજમહેલનું નિરીક્ષણ કરી સ્થળ નિરીક્ષણ કરવા માટે આવેલ સંબધિત અધિકારી સાથે જરૂરી ચર્ચા વિચારણા કરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં ડેડાણ ગામની એસબીઆઈનાં

આધારીત ફરજ બજાવતા આરોપી ભુપતભાઈ નરસિંહભાઈ સોલંકીએ આ બેંકના ગ્રાહક ગોપાલભાઈ રાજેશભાઈ વડેરા રહે. ઉના, (જી. ગીર સોમનાથ) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ડેડાણ શાખામાં ફિકસ ડીપોજીટ (એફ.ડી.) ખાતા નંબર ૫૬૧૫૪૦૪૮૮૧૬થી ખાતુ ધરાવતા હોય. આ બાબત આરોપી બેંકમાં નોકરી કરતાં હોવાથી જાણતા હોઈ આથી આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ડેડાણ શાખાના ગ્રાહક ગોપાલભાઈના નામે નવુ બચત ખાતુ ખોલવા અરજી ફોર્મ તૈયાર કરી તેમા ફોટો, સહી, મોબાઈલ નંબર તથા આધારકાર્ડની નકલ વિગેરે ખોટુ રેકર્ડ સામેલ રાખી તે તમામ રેકર્ડનો સાચા તરીકે ઉપયોગ કરી અને તે બેંકમાં નવું બચત ખાતા નંબર ૪૦૭૪૭૬૭૭૩૯૪ થી નવુ ખાતુ ખોલાવી તેમાં બેન્કના ગ્રાહક ગોપાલભાઈના નામની ફિકસ ડીપોજીટ (એફ.ડી.) ખાતા નં. ૫૬૧૫૪૦૪૮૮૧૬ ની પાકતી રકમ રૂા. ૧૨,૬૦,૮૩૭ નવા ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ અને ત્યાર બાદ મોબાઈલ નંબર ૮૧૨૮૩૦૩૪૪૭માં બેંકની યોનો એપ્લીકેશન મારફતે બેન્કના એટીએમ ડેડાણ ખાતે કુલ–૧૮ ટ્રાન્ઝેકશનો કરી રૂા. ૩,૫૦,૦૦૦ ની રકમ તેમજ INB PLAY GAME 24*7 Pvt TECH_PGAMES મારફતે ઓનલાઈન ટ્રાન્ઝેકશનોથી રૂા. ૯,૧૦,૮૩૭ મળી કુલ રૂા. ૧૨,૬૦,૮૩૭ ની રકમ આરોપીએ બદદાનતથી પોતાના અંગત ઉપયોગ માટે અને કપટપુર્વક નાણાં મેળવી લઈ તે નાણાનો દુર્વિનીયોગ કરી અને સરકારી નાણાની ઉચાપત તથા વિસઘાત કરી ગુન્હો કરતા આ બનાવમાં ભરતભાઈ પ્રભુભાઈ વાળા રહે. હાલ ડેડાણવાળાએ ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી ભુપતભાઈ નરસિંહભાઈ સોલંકી સામે આઈપીસી કલમ ૪૦૩, ૪૦૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## :: પબ્લીક નોટિસ ::

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે અમરેલી જીલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે ઘુઘરાળા ગામનાં ખેડ ખાતા નં. ૭૬, રે.સ.નં. ૪૨, હે.આ.ચો.મી. ૦–૭૭–૯૦ તથા ૪૨ બિનખેતી હે.આ.ચો.મી. ૦–૭૬–૮૯ ખેતી/બિનખેતી ની જમીન અમારા માતા **લાલૈયા સવિતાબેન આંબાભાઈ** W/o. **રવજીભાઈ પાથર**નાં સંયુકત ખાતાની કબજા વ ભોગવટાની આવેલ છે.

તેઓનાં નામે ખાતે આવેલ ઉપરોકત મિલકતમાં વારસાઈ નોંધ દાખલ કરવાના કામે અમો **રંજનબેન રવજીભાઈ પાથર** W/o. **દિનેશભાઈ કાલેણા** એ ગ્રામ પંચાયત કચેરી – ઘુઘરાળામાંથી પેઢીનામું કરવા માટે જરૂરી આધાર પુરાવા સાથે અરજ કરેલ છે.

સબબ સદરહું પેઢીનામા બાબતે કોઈ પણ વ્યકિત/સંસ્થાનો કોઈ લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો કે કોઈપણ વાંધા–તકરાર હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયાનાં દિન–૧૫માં સંપુર્ણ આધાર પુરાવા સાથે ગ્રામ પંચાયત કચેરી–ઘુઘરાળા, તા. બાબરા, જી. અમરેલી લેખિત/મૌખીક જાણ કરશો. તેમા કસૂર થયે કોઈપણ વ્યકિત/સંસ્થાનો કોઈ લાગ, ભાગ, હકક હિત હિસ્સો કે કોઈપણ વાંધા–તકરાર નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી અમે અમારી અરજી મુજબ પેઢીનામું મેળવી લેવાનુ રહેશે. ત્યારબાદ ગ્રામ પંચાયત કચેરી – ઘુઘરાળાને કોઈ પણ વાંધા તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વાળગતા સર્વે એ નોંધ લેવી.

**રંજનબેન રવજીભાઈ પાથર**
**W/o. દિનેશભાઈ કાલેણા**
મું. ચાંદગઢ, તા.જી. અમરેલી
(હાલ : અમરેલી)

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૬૦ | ૧૩૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૬૧ |
| ૩ | શિંગદાણા | ૧૨૨૦ | ૧૫૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૧૦ | ૩૫૧૧ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૯૪૫ | ૩૯૬૦ |
| ૭ | બાજરો | ૩૫૧ | ૫૧૩ |
| ૮ | જુવાર | ૫૯૫ | ૧૨૬૦ |
| ૯ | ઘઉં બંસી | ૫૭૦ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૮૬ |
| ૧૨ | અડદ | ૯૧૦ | ૧૯૦૫ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૧૨૭૬ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૯૩૬ |
| ૧૫ | મઠ | ૧૨૬૭ | ૧૨૬૭ |
| ૧૬ | કપાસ | ૯૮૨ | ૧૪૬૫ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ૧૮ | રાયડો | ૮૫૦ | ૯૫૦ |
| ૧૯ | ધાણા | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૨૦ | સોયાબીન | ૮૯૦ | ૯૪૬ |
| ૨૧ | રજકાનું બી | ૨૬૦૦ | ૩૫૨૫ |
| ૨૨ | મરચા લાંબા | ૧૫૬૦ | ૩૮૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૧ | ૧૩૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૩૬૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૦૦ |
| ૫ | જીરૂ | ૭૧૦૦ | ૮૫૦૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૨ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૧૦ |
| ૯ | બાજરો | ૩૭૫ | ૫૦૩ |
| ૧૦ | જુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૬૪૫ |
| ૧૨ | અડદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૩૨૦ |
| ૧૪ | સોયાબીન | ૮૫૦ | ૯૪૦ |
| ૧૫ | ધાણા | ૧૨૦૩ | ૧૪૦૦ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | ૧૨૨૨ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૪૫ |
| ૩ | તલ | ૨૯૧૦ | ૨૯૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૨ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૬૬ |
| ૩ | ચણા | ૧૦૦૧ | ૧૧૩૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૫ | ૧૫૦૬ |
| ૨ | મગફળી | ૧૨૨૪ | ૧૩૭૬ |
| ૩ | તલ સફેદ | ૨૬૫૦ | ૨૯૫૦ |
| ૪ | જુવાર | ૯૨૦ | ૧૦૭૫ |
| ૫ | ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| ૬ | ચણા | ૯૪૦ | ૧૧૫૦ |
| ૭ | સોયાબીન | ૯૨૦ | ૯૪૪ |
| ૮ | અડદ | ૧૬૩૦ | ૧૮૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૭૪ |
| ૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ૩ | મગ | ૧૪૩૫ | ૧૬૦૪ |
| ૪ | સોયાબીન | ૮૦૦ | ૯૩૨ |
| ૫ | અડદ | ૧૧૫૦ | ૧૮૦૦ |
| ૬ | મગફળી | ૧૧૦૦ | ૧૨૩૪ |
| ૭ | જુવાર | ૧૨૩૨ | ૧૨૪૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૯૮ | ૫૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૬૨ | ૫૯૭ |
| ૧૦ | લસણ | ૨૬૦૦ | ૨૮૨૫ |
| ૧૧ | ધાણા | ૧૩૧૫ | ૧૪૫૫ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૩૫ | ૧૪૩૫ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૦૧ | ૧૬૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૨૯૯૦ | ૨૯૯૦ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૧૭૬૦ |
| ૧૬ | મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૧૭ | ડુંગળી | ૬૫૦ | ૬૫૦ |
| ૧૮ | મકાઈ | ૪૮૫ | ૪૮૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૫ | ૧૪૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૦૦ |
| ૩ | કપાસ | ૧૧૭૦ | ૧૪૫૦ |
| ૪ | બાજરો | ૪૫૦ | ૫૫૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૩ | ૬૫૫ |
| ૬ | જુવાર | ૮૦૦ | ૧૩૫૧ |
| ૭ | મગ | ૧૪૫૬ | ૨૧૦૧ |
| ૮ | મઠ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ૯ | અડદ | ૧૭૦૦ | ૨૧૧૧ |
| ૧૦ | સૂર્યમુખી | ૭૧૦ | ૭૬૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૧૨૧ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૯૩૦ |

### વર્ષોથી પોલીસ વિભાગમાં નિષ્ઠાપુર્વક ફરજ બજાવતા

# ધારીનાં દેવળાનાં વતની કે.એમ. મકવાણા પીએસઆઈ બન્યા

### પોલીસ અધિક્ષક હિમકરસિંહે સ્ટાર એનાયત કર્યો




સાવરકુંડલા, તા.૪

આખુંય સાવરકુંડલા અને પોલિસ સ્ટાફ જેમને ખીમજીભાઈના નામથી જ ઓળખે છે, જેમનું વતન દેવળા તા.ધારી જી.અમરેલી કે.એમ. મકવાણાની પો.સબ.ઈન્સ. તરીકે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ નિમણુક કરવામાં આવેલ છે.

તા.૧૬/૦૮/૧૯૯૪ ના રોજ પોલીસ કોન્સ્ટેબલ તરીકે અમરેલી જિલ્લામાં ભરતી થઈ પહેલું પોસ્ટિંગ બગસરા, પછી ચલાલા, ત્યાર બાદ સાવરકુંડલા ટાઉન, બાદ જિલ્લા ટ્રાફિક શાખા, જિલ્લા પોલીસ વડા કચેરી રીડર શાખા, માં નોકરી કરેલ છે.અને તા. ૨૮/૦૪/૨૦૨૨ માં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ખાતાકીય પરિક્ષા પાસ કરી તા. ૧૧/૧૧/૨૦૨૩ ના રોજ પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ઓર્ડર આવ્યો બાદ તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ એસ.પી. હિમકરસિંહએ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ઓર્ડર કરતા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં હાજર થઈ પી.એસ.આઈ. તરીકે ચાર્જ સંભાળ્યો છે.

### જાગૃત નાગરિક હિતેષ સેંજલીયાની રજુઆત

# અમરેલીની સીટી સર્વે કચેરીની કાર્યશૈલીથી અરજદારોને કારણ વગર પરેશાની

### જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને મદદ માંગી

અમરેલી, તા. ૪

અમરેલીના જાગૃત નાગરિક હિતેષ સેંજલીયાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બિનખેતી મિલકત અંગેની મહેસુલ વસુલાતની કામગીરી જે કસ્બા તલાટીઓ કરતા તે થોડા દિવસોથી સીટી સર્વેને સોપવામાં આવેલ છે. અને સીટી સર્વે ઓફીસમાં મહેસુલ વસુલાત માટે રકમ એકત્રના ટાર્ગેટ આપવામાં આવતા હોવાથી, આડેધડ અને જૂની વસુલાતના રેકર્ડ જોયા વગર વસુલાત થવાની ફરિયાદો ઊઠવા પામેલ છે.

જે અમે જાત તપાસ કરતા બે–ત્રણ મિલકતોની મહેસુલ ભરવા અમે જાતે ગયેલા તો સ.ને.૧૯૫૨ થી બિનખેતીના માપ દંડ અનુસાર હિસાબ કરી ટોટલ ફિગર જણાવવામાં આવેલ જે કોઈપણ અરજદાર કે મિલકત ધારકના માન્યમાં નાં આવે એવા મોટા ફિગર હોવાથી અમે રજૂઆત કરેલ કે, જયારે કોઈ જમીન બિન ખેતી થાય ત્યાં સુધીની તમામ મહેસુલ ખેતી વિષયક ભરપાઈ થયેલ હોઈ જયારે હકીકતે ખેતી અને બિનખેતીની મહેસુલ આકારણી દરમાં ઘણો તફાવત હોઈ તેમજ સીટી સર્વે બિન ખેતી થયા પછી વસુલે તે યોગ્ય કહેવાય તો સીટી સર્વેમાં કોઈ રેકર્ડ તપસ્યા વગર જયારથી બિન ખેતી થયેલ ત્યાર થી હિસાબ કરેલ તે પણ યોગ્ય નથી કેમ કે, મોટા ભાગની બિનખેતી થયેલ સોસાયટીઓમાં આખી સોસાયટીની મહેસુલ આખા સર્વે નંબર ની મહેસુલ મામલતદારની સુચનાથી કસ્બા તલાટીઓ દ્વારા વાસુલાયેલ હોઈ છે. અને જયારે જે તે, મહેસુલ વસુલવાની કામગીરી / સીટી સર્વે ઓફીસને સોંપવામાં આવેલ ત્યારે જુના રેકર્ડ પણ સીટી સર્વેને સોપવા જોઈએ અને મિલ્કતની મહેસુલ ખરેખર કયાં વર્ષથી બાકી રહેલ છે. તે ચોક્કસાઈ થવી જોઈએ જેથી એક જ મિલકતની ડબલ મહેસુલ વસુલાત થાય નહી જેની જવાબદાર સીટી સર્વે / શહેર માલતદાર / અને કલેકટર કચેરીની સંયુકત છે. અને જો રેકર્ડ ઉપલબ્ધ નથી તો જયારથી સીટી સર્વેને વસુલાતની જવાબદારી સોંપવામાં આવી ત્યાર થી જ વસુલાત કરવી જોઈએ અને રેકર્ડ ગુમ હોઈ તો ઉચાપત અંગેની ફરિયાદ દાખલ થવી જોઈએ અને જો રેકર્ડ ઉપલબ્ધ હોઈ તો સીટી સર્વે ઓફિસે જવાબદારી પૂર્વક સંભાળી અને એમાં જોઈ તપાસી મહેસુલની રકમનો હિસાબ કરવો જોઈએ.

તેમજ ટાર્ગેટ રકમનો નહી પણ કામગીરીનો આપવો જોઈએ કેમ કે સીટી સર્વે કચેરીમાં નોંધવા યોગ્ય મિલકતોમાંથી માંડ ૨૫% થી ૩૦% જ નોંધાયેલ છે.

જેથી વસુલાત પણ ખુબ ઓછી રીકવર થાય તે સ્વભાવિક છે માટે દરેક મિલકત અપડેટ કરવા માટેના ટાર્ગેટ આપવમાં આવે, તેમજ અમરેલી જિલ્લામાં કોઈપણ મિલકતની મહેસુલ ડબલ વખત અલગ અલગ કચેરીએ વસુલવાના પ્રયત્નો કરવામા આવે અને જો એમ કરવામાં નહી આવે તો ત્યાર બાદનાં જે કાનૂની પ્રક્રિયા કરવી પડશે તેને માટે સીટી સર્વે કચેરીના જવાબદારોની જવાબદારી અંગત રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.

### યુવાનોમાં વધતા હાર્ટએટેકથી જાગૃતિરૂપે

# અમરેલીની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ મેડીકલ કોલેજમાં ૨૫૦૦થી વધુ શિક્ષકોને CPR તાલીમ અપાઇ

અમરેલી, તા. ૪

અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં યુવાનો અને વિદ્યાર્થીઓમાં વધેલા હાર્ટ એટેકના બનાવ બનાવો દરમિયાન કટોકટીના સમયમાં તાત્કાલીક સમયસર સારવાર આપવામાં આવે તો કેટલાય યુવાનોના જીવ બચી શકે તેમ છે. તેવા આશ્રય સાથે ગઈકાલે અમરેલી સિવિલ હોસ્પિટલમાં કેમ્પસમાં આવેલ મેડીકલ કોલેજમાં ૨૫૦૦થી પણ વધુ શિક્ષકોને CPR તાલીમ અપાય હતી.

મેડીકલ કોલેજના ઓડીટોરીયમમાં કોલેજના સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા જિલ્લાના ૧૦૦૦ શિક્ષકોને અચાનક હાર્ટ એટેક આવે તો પ્રાથમીક ઉપચાર કેમ આપવી ? તેની સમજ આપવામાં આવી હતી. સૌ પ્રથમ શિક્ષકોને તબીબો દ્વારા લેકચર આપવામાં આવ્યું હતુ.

બાદમાં કાર્ડિયાક એરેસ્ટનો ડેમો બતાવાયો હતો. સવારે ૯ વાગ્યે શરૂ કરવામાં આવેલી તાલીમમાં દર કલાકની એક બેંચમાં ૨૫૦૦થી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. અમરેલી સહિત રાજયભરમાં ગઈકાલે એક સાથે તાલીમ આપવામાં હતી.

હવે બીજા તબક્કાની સાથે શિક્ષકોને તાલીમ આગામી તા.૧૭ના રોજ આપવામાં આવશે. જેમાં આર્ચાય અનેપાલિકા સંચાલિત શાળાના શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.

### લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા સાવરકુંડલા પંથકમાં ગામડે-ગામડે મોબાઈલ વાન દ્વારા આરોગ્યલક્ષી સેવા

### સારવાર અને દવા પણ નિઃશુલ્ક



(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા સ્થિત વિદ્યાગુરૂ ફાઉન્ડેશન, લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સારાએ સૌરાષ્ટ્રમાં પોતાની નિઃશુલ્ક આદર સહિત આરોગ્યની સેવાઓ માટે સુવિખ્યાત છે. હજી ઘણા લોકોને આ આરોગ્ય મંદિરના બીજા એક સોપાનની ઓછી ખબર છે. આ આરોગ્ય મંદિર દ્વારા દૂર દૂરના ગામડાઓના વૃદ્ધ દર્દીઓ કે નાના બાળકો અને મહિલાઓ માટે તેમના ગામડે જ ઘર આંગણે મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા દર અઠવાડિયે અનુભવી અને નિષ્ણાંત ડોકટરની ટીમ દ્વારા નિશુલ્ક સારવાર આપવામાં આવે છે.

જેમાં દર સોમવારે ખારી, ખેરાળી, ડોળીયા, રીંગણીયાળી, બાબરીયાધાર, દર મંગળવારે મેરીયાણા, ભમ્મર, વણોટ, નવા મેરીયાણા, દાધીયા, દર બુધવારે ચીખલી, દીપડીયા, ચારોડીયા, ઝાઝડા, કુંડલીયા, ગીરધરઘર, દર શુક્રવારે જાંબુડા, મઢડા, ડેડકડી, ખડસલી, નવાગોરડકા, દર રવિવારે ખોડીયાણા, આદસંગ, પાટી, નેસડી, વાવડી.

આ પ્રમાણે દરેક ગામમાં આ ડિસ્પેન્સરી એક કલાક જેવો સમય રોકાણ કરીને નિદાન સારવાર અને દવા તદ્દન ફ્રી આપવામાં આવે છે. તો આ ગામડાના દર્દીઓ તથા આ ગામની આસપાસના નજીકના ગામડાઓના દર્દીઓ આ સુવિધાનો લાભ લે તેમ આરોગ્ય મંદિરનાં એડમીન ડોકટર પ્રકાશ કટારીયાની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# રાજુલા પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળતા પી.આઈ.ગીડા



રાજુલા, તા. ૪

રાજુલા પોલીસ સ્ટેશનનાં નવા નિમાયેલ પી.આઈ.ગીડા એ ચાર્જ સંભાળતા જ તેમના દ્વારા રાજુલા શહેર તમામ રસ્તા પર ફૂડ પેટ્રોલિંગ કરવામાં આવ્યું. પી.આઈ ઈંદુબા ગીડા તેમજ પી.એસ.આઈ યોગેન્દ્ર સોલંકી તેમજ સમગ્ર સ્ટાફ સાથે શહેરમાં કરવામાં આવ્યું. ફલેગ માર્ચ યોજવામાં આવ્યું. રાજુલા શહેર ની મુખ્ય બજાર જવાહર રોડ, દવાખાનું ચોક, શહીદ ચોક તેમજ એસ ટી બસ સ્ટેન્ડ સહિતનાં તમામ વિસ્તારમાં કરવામાં આવ્યું ફલેગ માર્ચ કરવામાં આવ્યું. રાજુલા ની રવિવારી બજારની પણ જાત માહિતી મેળવવામાં આવી. તેમજ રાજુલા એસ ટી બસ સ્ટેન્ડનું જાત નિરીક્ષણ રાજુલાના નવા નિમાયેલ પી.આઈ ગીડાએ કરેલું સાથે સાથે વિવિધ સંસ્થા તેમજ વિવિધ વેપારીઓને સી.સી ટીવી મૂકવા બાબતે પણ આ અધિકારી દ્વારા સૂચના આપવા માં આવી.

''અમરેલી એક્સપ્રેસ''

**અમારૂ ઇ-મેઇલ એડ્રેસ**

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ

**amreliexpress7@gmail.com**

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ''દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ડેપો મેનેજર દ્વારા શ્રીફળ પડો અને શાલ ઓઢાડીને સન્માન

# રાજુલા ડેપોના કંડકટર વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા વિદાયમાન અપાયું

### ૩૩ વર્ષની સફરમાં ૩૦ વર્ષ રાજુલા ડેપોમાં કરેલી કામગીરી વાગોળી





અમરેલી, તા. ૪

૩૩ વર્ષની નોકરીમાંથી રાજુલા એસટી ડેપોમાં ૩૦ વર્ષ સુધી ફરજ બજાવીને કંડકટર ભરતભાઈ કવિશ્વર વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમને નિવૃત્તિ વિદાયમાન અપાયું હતું અને નિવૃત્તિ પછીના જીવનની શુભકામનાઓ પાઠવી સન્માન કરાયું હતું તથા તેમણે કરેલી કામગીરીને વાગોળવામાં આવી હતી.

રાજુલા એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી ભરતભાઈ કવીશ્વર વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા રાજુલા ડેપો ખાતે તેમને વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

રાજુલાના ડેપો મેનેજર મમતાબેન જોષી દ્વારા ભરતભાઈને શ્રીફળ અને પડો આપી તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને હવે પછીનું તેમનું નિવૃત્તિનું જીવન પણ પ્રવૃત્તિમય બની રહે તથા તેમનું સ્વાસ્થ્ય સારૂ રહે તે માટે શુભકામનાઓ પાઠવી હતી અને આ ડેપોમાં ૩૩ વર્ષની સર્વિસમાંથી ૩૦ વર્ષ સુધી ફરજ બજાવીને કરેલી પ્રસંશનીય કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં એટીઆઈ અયુબખાન પઠાણ, ચંપુભાઈ ચાંદુ, ભરતભાઈ વરૂ, કસુભાઈ ધાખડા, સંદિપભાઈ પ્રજાપતિ વગેરેએ પણ તેમનું સન્માન કર્યુ હતું. હિતેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તેમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને તે પછી તેમણે પોતાના પ્રવચનમાં અત્યાર સુધી કરેલી કામગીરીને યાદ કરીને બીરદાવી હતી. આ કાર્યક્રમમાં એસટી વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભરતભાઈ કવીશ્વરે પોતાનું સન્માન કરવા બદલ તથા તમામ લોકોએ અત્યાર સુધી જે સાથ સહકાર આપ્યો તે બદલ પણ સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

### દુધાત પરિવારનાં આંગણે

# ચલાલા : પાણીયા(દેવ) ખાતે શ્રીમદ્ ભાગવત વચનામૃતનું દિવ્ય આયોજન

### પૂ. દ્વારકેશ લાલજી મહારાજ દ્વારા વચનામૃતનું વાંચન





ચલાલા, તા.૪

ચલાલા નજીક આવેલ પાણીયા (દેવ) ગામે પાણીયાનાં મુખ્યમનોરથી કાંતિભાઈ કેશવભાઈ દુધાત અને દુધાત પરિવાર દ્વારા તા.૨૮/૧૧ થી તા.૪/૧૨ સુધી શ્રીમદ ભાગવત વચનામૃતનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ શ્રીમદ ભાગવત વચનામૃતનાં વ્યાસપીઠે પુ.પુ.નો ૧૦૮ દ્વારકેશલાલજી મહારાજના શ્રીમુખેથી શ્રીમદ ભાગવત વચનામૃત રસપાન સંગીતમય શૈલીમાં અલોકીક રીતે કરાવી રહયા છે. શ્રીમદ ભાગવત જ્ઞાન પરીકથામાં માનવ મહેરામણ ઉમટી રહયો છે. તમામ ભાવીકભકતજનો શ્રીમદ ભાગવત વચનામૃત કરી ધન્યતા અનુભવી રહયા છે. વારાહ અવતાર, નૃસિંહ અવતાર, વામન અવતાર, રામા અવતાર, નંદમહોત્સવ માળા પહેરામણી મનોરથ, બાળલીલા, ગોવર્ધન લીલા, અન્નકુટ રૂકમણી વિવાદ જેવા પ્રસંગો ભારે ઉત્સવાવ પુર્વક ઉજવાઈ રહયો છે. સમગ્ર પાણીયા પંથકમાં નિકેતનો માહોલ સાથે ભકિતમય વાતાવરણ થયેલ છે. કથા શ્રવણ કરતા ભાવીક ભકતજનો ભાવવિભોર બન્યા છે. કથા રસપાન કરવા સંતો,મંહતો, અને રાજકીય સામાજીક મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. મુખ્ય મનોરથી કાંતીભાઈ દુધાત અને દુધાત પરીવાર દ્વારા ભાવવંદન અને સન્માનીત કરાયા હતા. કથાશ્રવણ કરતા ભાવિકભકતજનો માટે બપોરના ભોજનપ્રસાદન સુંદર આયોજન કરવામાં આવેલ ાાછો. ભાગવત કથા દરમીયાન ૧૦૮ પુરૂષોતમલાલજી મહારાજની પધારમણી થયેલ હતપા. વૈષ્ણવજનોએ ચરણવંદન કરી ધન્યતા અનુભવી હતી. પ.પુ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશ બાવાની દિવ્યવાણીથી વચનાર્મૃત થતુ હોય ભાવીક ભકતજનો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. મુખ્યમનોરથી કાંતીભાઈ દુધાત અને દુધાત પરીવાર ખુબજ ઉભગ ઉત્સાહ સાથે ભાવવિભોર બની કથાશ્રમવણ કરવા આવતા વૈષ્ણવજનોનું જતન કરી રહયા છે. સ્ટેજ સંચાલન જાણીતા શિક્ષક ઉદઘોષક જીતુભાઈ મહેતા ખુબજ ભાવનાત્મક રીતે સુંદર કરી રહયા છે.

# ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને ધાબળા(બ્લેન્કેટ)વિતરણ









ચલાલા–યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા પૂ. રતિદાદાનાં માર્ગદર્શન હેઠળ હાલ વૃધ્ધાશ્રમ, અનાથ આશ્રમ, ગૌશાળા, હોસ્પિટલ, શૈક્ષણિક સંકુલ, કોલેજ, ગરીબોને રાશન કીટ જેવી અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ જીવંતરૂપે ચાલી રહી છે. આ સાથે સંસ્થા દ્વારા શિયાળાની ઠંડીમાં ઠુઠવાતા લોકોને વિનામૂલ્યે ધાબળા(બ્લેન્કેટ)નું વિતરણ કરવામાં આવ્યું હતું. ઝુંપડપટ્ટીમાં રહેતા અને ખુલ્લા પટમાં આશ્રય લેતા અને આસ–પાસનાં વિસ્તારમાં એકલા રહેતા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ઠંડીમાં ઘણી રાહત મળી હતી. બધા ગરીબોએ અંતરનાં આર્શીવાદ આપ્યા હતા. આ કાર્યક્રમમાં આર્થીક સહયોગ દિનશાઅંકલ–અમદાવાદ તરફથી પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા મંજુબા ભારતભૂષણ મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી હતી.

## દેશનાં મહત્વનાં ૩ રાજયો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપનો વિજય થતાં

# ખૂશીયા હી ખૂશીયા : અમરેલી જિલ્લાનાં ભાજપીઓ ઝૂમી ઉઠયા

**ભાજપની કેસરીયા બ્રિગેડે નજીકનાં હરીફ પક્ષ કોંગ્રેસને પરાજિત કરીને ઈતિહાસ સર્જયો**

**લોકસભાની ફાઈનલ પહેલાની સેમી ફાઈનલ સમી ૩ રાજયોની ચૂંટણીમાં વિજય મેળવીને ફાઈનલનો માર્ગ સરળ બનાવ્યો**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભાજપનાં લાખો કાર્યકરોએ ભારે મહેનત કરીને વિજય મેળવ્યો**

**બાબરા, સાવરકુંડલા, લીલીયા, કુંકાવાવ, વડિયા સહિત સમગ્ર જિલ્લામાં ભાજપ દ્વારા વિજયોત્સવ ઉજવાયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, જીતેશગીરી ગોસાઈ–વડિયા, રાજુ યાદવ–કુંકાવાવ

અમરેલી, તા. ૪

દેશમાં મહત્વનાં ૩ રાજયો મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થતાં અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા, બાબરા, વડિયા, કુંકાવાવ, બગસરા, લીલીયા સહિતનાં તમામ શહેરોમાં વિજયોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. લોકસભાની ફાઈનલ પહેલા સેમી ફાઈનલસમી ચૂંટણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભાજપી કાર્યકરોએ ભારે મહેનત કરીને વિજય મેળવ્યો છે.

**બાબરા**

રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ રાજયની ચૂંટણીમાં ભાજપે ભવ્ય જીત મેળવતા સમગ્ર રાજયમાં ભાજપ પરિવારમાં ખૂશીની લાગણી પ્રસરી ગઈ હતી અને ઠેર–ઠેર આતશબાજી કરવામાં આવી હતી તેમજ મોં મીઠા કરી મીઠાઈનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું.

ત્યારે શહેર ભાજપ દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાની આગેવાની હેઠળ અને જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયાની ઉપસ્થિતિમાં અહી નાગરિક બેન્ક ચોકમાં શહેર ભાજપ દ્વારા આતશબાજી કરવામાં આવી હતી તેમજ મોં મીઠા કરી મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ

અનુસંધાન પાના ૬ ઉપર

## જસદણનાં કડુકા ગામનાં ૨૦ વર્ષિય યુવકનું નિધન

# હે રામ : બાબરાની ગોપાલક છાત્રાલયમાં પોલીસ ભરતીની તૈયારી કરતા યુવકને હાર્ટએટેક

**છાત્રાલયમાં જ હાર્ટ એટેક આવતા મોત નિપજયુ**

અમરેલી, તા. ૪

બાબરામાં ખાતે આવેલ ગોપાલક છાત્રાલયમાં રહી પોલીસની ભરતીની તૈયારી કરવા આવેલા જસદણ તાલુકાના કડુકા ગામના ૨૦ વર્ષનાં યુવકને છાત્રાલયમાં જ છાતીમાં દુઃખાવો ઉપડતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડાતા તેમનું હાર્ટ એટેકને કારણે મોત નિપજયું હતું.



આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કડુકા ગામે રહેતા ૨૦ વર્ષનાં યુવક રવી ભગત વકાતર બે દિવસ પહેલા જ બાબરામાં ખાતેઆવેલ ગોપાલક છાત્રાલયમાં આવેલ અને ત્યાં રહી પોલીસની ભરતીની તૈયારી કરવા આવેલા આ યુવકને છાત્રાલયમાં જ છાતીમાં દુઃખાવો ઉપડતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડાતા તેમનું હાર્ટ એટેકને કારણે મોત નિપજયું હતું.

## ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા ગામેગામ સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરાવી રહ્યા છે

# બાબરા : ચમારડી ખાતેથી આજે વડિયા–કુંકાવાવનાં ૨૪ ગામોમાં પ્રસ્થાપિત કરવા ૨૪ પ્રતિમાઓનું થશે પ્રસ્થાન

**દેશની એકતાનાં પ્રતિક સરદાર પટેલની ૫ હજાર પ્રતિમાઓ પ્રસ્થાપિત કરવાનો સંકલ્પ**



અમરેલી, તા. ૪

બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા અને દેશની એકતાનાં પ્રતિક સરદાર પટેલનાં વિચારો અને કાર્યશૈલીથી પ્રભાવિત ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા રાજયમાં ૫ હજાર સ્થળોએ સરદાર પટેલની પ્રતિમાઓનાં લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છે.

જે અંતર્ગત આવતીકાલ મંગળવારે વડિયા–કુંકાવાવ પંથકનાં ૨૪ ગામો જેમાં હનુમાન ખીજડીયા, સાકરોળા, ખાન ખીજડીયા, ભૂખલી સાંથલી, મોરવાડા, મેઘા પીપળીયા, સનાળી, રામપુર, અનિડા, સૂર્યપ્રતાપગઢ, ખાખરીયા, તાલાળી, બરવાળા બાવીશી, નાજાપુર, ચારણીયા, નવા ઉજળા, સારંગપુર, ઈશ્વરીયા, બાંભણીયા અને ભાયાવદર ગામે સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરવા માટે ચમારડીનાં રાધે ફાર્મ ખાતેથી ૨૪ પ્રતિમાઓનું ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવશે.

## ભૂપતભાઈ નરસિંહભાઈ સોલંકી નામના

# ખાંભાનાં ડેડાણ ગામની એસબીઆઈનાં કરાર આધારિત કર્મચારીએ ઉચાપત કરી

**રૂપિયા ૧૨,૬૦,૮૩૭ની ઉચાપત કરતાં ફરિયાદ**

અમરેલી, તા. ૪

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ડેડાણ શાખામાં બેંકની રૂટીન કામગીરીમાં હેલ્પર તરીકે કરાર

અનુસંધાન પાના ૬ ઉપર









*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)